MONDAY
૦૪-૦૧-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, માગશર વદ ૫
અંક : ૭૭
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

નોકરી શોધતા લોકો માટે
ખુશખબર
ચક્રવાત દૈનિક સમાચારપત્રમાં દર બુધવારે તથા દર શનિવારે નોકરીની અપડેટ વાંચતા રહો
નોકરીની એડ આપવા માટે સંપર્ક : મો.૯૧૦૬૬૧૭૮૬૭

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડિટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### કોવિશીલ્ડ અને કોવેક્સીનના બે ડોઝ લેવા પડશે, જ્યારે કેડિલાની રસીના ત્રણ ડોઝ લેવા પડશે : ડીસીજીઆઇ

# કોરોના કાળનો ખાત્મો હવે હાથવેંતમાં : બે વેક્સિન બજારમાં

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૩

કોરોના વાયરસ મહામારીની વિરૂદ્ધ ચાલી રહેલી લડાઈમાં આજે દેશને સૌથી મોટી ખુશખબરી મળી છે. ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાએ એક સાથે બે વેક્સીન કોવિશીલ્ડ અને કોવેકસીનને ભારતમાં ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી છે. પીએમ મોદીએ આ અંગે ટ્વીટ કરીને દેશને અભિનંદન પાઠવ્યા છે. તેની સાથે જ ડીસીજીઆઈએ કોરોના વેક્સીન સાથે જોડાયેલી અફવાઓ પર પણ વિરામ મૂકી દીધો છે.

**નપુંસક થવાની વાત બકવાસ, સીરમ ઈન્સ્ટિટ્યૂટની કોવીશિલ્ડ તેમજ ભારત બાયોટેકની કોવેક્સિનને ઈમર્જન્સી યુઝ માટે DCGIએ આપી મંજૂરી**

ડીસીજીઆઈના નિર્દેશક વીજી સોમાનીએ કહ્યું કે જો સુરક્ષાની થોડીક પણ આશંકા હોત તો અમે એવી કોઈપણ વસ્તુને મંજૂરી ના આપી હોત. આ વેક્સીન ૧૧૦ ટકા સુરક્ષિત છે. નજીવો તાવ, દુઃખાવો અને એલર્જી જેવા કેટલીક અસર દરેક વેક્સીન માટે સામાન્ય છે. વેક્સીનથી લોકો નપુસંક થઇ શકે છે એ દાવો







સંપૂર્ણપણે બકવાસ છે.

સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, પૂણેના સીઈઓ અદાર પૂનાવાલા એ પણ આ અંગે ટ્વીટ કરીને માહિતી આપી. તેમણે ટ્વિટ કરી- બધાને નવું વર્ષ મુબારક. કોવિશીલ્ડ, ભારતની પહેલી કોવિડ-૧૯ વેક્સીનને મંજૂરી મળી ગઈ છે. સુરક્ષિત અને પ્રભાવી આ વેક્સીન આવનાર સપ્તાહમાં રોલ-આઉટ માટે તૈયાર છીએ. કોવિશીલ્ડ અને કોવેક્સીનના બે ડોઝ લેવા પડશે. જ્યારે કેડિલાની રસીના ત્રણ ડોઝ લેવા પડશે તેમ ડીસીજીઆઈએ જણાવ્યું.

સમાજવાદી પાર્ટીના એમએલસી આશુતોષ સિન્હા એ કહ્યું હતુ કે તેઓ (અખિલેશ યાદવ) રસી નથી મૂકાવી રહ્યા તો અમને લાગે છે કે કયાંક ને કયાંક આ વેક્સીનમાં કંઈક એવી વસ્તુ હશે અને નુકસાન થઈ જાય. મને લાગે છે કે બાદમાં લોકો કહી દે કે વસતી ઓછી કરવા માટે, મારવા માટે લગાવી દીધી વેક્સીન. તમને નપુંસક બનાવી દે, કંઈ પણ થઈ શકે છે.

એસપી ચીફ અને યુપીના પૂર્વ સીએમ અખિલેશ યાદવે કહ્યું કે હાલ હું રસી મૂકાવી રહ્યો નથી. હું ભાજપની રસી પર કેવી રીતે વિશ્વાસ કરી શકું. જ્યારે અમારી સરકાર બનશે તો બધાને ફ્રીમાં રસી અપાશે. અમે ભાજપની રસી મૂકાવી શકીએ નહીં. જો કે બાદમાં અખિલેશ યાદવે તેને લઈ સ્પષ્ટતા કરી દીધી. તાવ અને ધ્રુજારી વેક્સીનની સૌથી સામાન્ય આડઅસર છે. આ સિવાય કેટલીય વેક્સીનથી લોકોને માથાનો દુઃખાવો થવાની ફરિયાદ પણ થતી હોય છે. આંકડા બતાવે છે કે વેક્સીન લેનાર અડધા લોકોને નજીવું માથું દુઃખે છે.

**હું ભાજપની રસી પર કેવી રીતે વિશ્વાસ કરી શકું? જ્યારે અમારી સરકાર બનશે તો બધાને ફ્રીમાં રસી અપાશે. અમે ભાજપની રસી મૂકાવી શકીએ નહીં : અખીલેશ**

વેક્સીનની આપણા પાચન તંત્ર પર થોડીક અસર થઇ શકે છે. ચક્કર આવવા, ઉલટી થવી, થાક લાગવા જેવી ફરિયાદ પણ રસી બાદ થાય છે. જો કે ડીસીજીઆઈનું કહેવું છે આ પ્રકારની આડઅસર વેક્સીન લગાવવા પર સામાન્ય હોય છે. એવામાં ગભરાવાની જરૂર નથી. બંને વેક્સીન ૧૧૦ ટકા સુરક્ષિત છે.

## નાઈજીરીયાના માલીમાં થયો આતંકીઓનો ફરી હૂમલો : ૭૦ લોકોના મોત, ૨૦ ઈજાગ્રસ્ત

**હજુ અગાઉ ૨૭ ડિસેમ્બરે બોરનો પ્રાંતના હૂમલામાં ૧૦ બાળકોના મોત થયા હતા**



(જી.એન.એસ.)અબુજા,તા.૩

આફ્રિકી દેશ નાઈજિરિયામાં થયેલા એક આતંકવાદી હુમલામાં ૭૦થી વધારે લોકોના મૃત્યુ થયાના સમાચાર છે. મીડિયા રિપોર્ટ અનુસાર આતંકવાદીઓએ માલીની સરહદે સ્થિત બે ગામડા પર હુમલો કરીને ૭૦ લોકોની હત્યા કરી દીધી. આ હુમલામાં ૨૦ થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા છે.

હિંસા વાળા વિસ્તારમાં ગૃહયુદ્ધના કારણે વર્ષ ૨૦૧૭થી જ ઈમરજન્સી લાગુ છે. આતંકવાદીઓએ અહીં બે ગામને નિશાન બનાવ્યા છે. નાઈજિરિયાની સરકાર આરોપ લગાવતી રહી છે કે માલીના સશસ્ત્ર જૂથ તેમના રાજ્યની સરહદમાં ઘૂસીને આતંકી ઘટનાને અંજામ આપે છે. આ હુમલા પર હજુ સુધી કોઈ આતંકી જૂથે સત્તાકીય નિવેદન આપ્યુ નથી. આ વિસ્તારમાં અલ કાયદા અને ઈસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા કેટલાક આતંકી સંગઠન સક્રિય છે. નાઈજિરિયામાં ૨૭ ડિસેમ્બરે બોરનો પ્રાંતમાં આતંકી સંગઠન બોકોના હુમલામાં ૧૦ના મોત થયા હતા. બોરનો પ્રાંતીય સરકાર અનુસાર હુમલાખોરોને ચાર ગામને નિશાન બનાવ્યા હતા. આતંકીઓએ સૌથી પહેલા અજારે નગરમાં હુમલો કર્યો જ્યાં સરકારી કાર્યાલયો અને પોલીસ સ્ટેશનને નિશાન બનાવવામાં આવ્યા.

## ગાઝિયાબાદની કરૂણતા : સદ્દગતોની અવ્વલ મંઝિલ જ્યારે બની ડાઘૂઓની આખરી મંઝિલ, ૧૮ લોકોના મોત

(જી.એન.એસ.)ગાઝિયાબાદ,તા.૩

ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં એક મોટી દુર્ઘટના સામે આવી છે. ગાઝિયાબાદના એક સ્મશાનમાં છત પડી જતાં લગભગ ૪૦ લોકો દબાયા હોવાની માહિતી મળી રહી છે. જ્યારે ૧૮ લોકોના મોત થયા છે અને ઘણા લોકોને ઈજા પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે. હાલ રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે. ગાઝિયાબાદના મુરાદનગર વિસ્તારમાં આવેલા સ્મશાન ઘાટની છત પડતાં અનેક લોકો દબાયા હતા. ઘટનાની જાણ થતાં ગાઝિયાબાદ



પોલીસ અને રેસ્કયૂ ઓપરેશન ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આજે સવારે દિલ્હી એનસીઆરમાં વરસાદ પડી રહ્યો હતો. ત્યારે મુરાદનગર સ્થિત સ્મશાનમાં કેટલાક લોકો એક વ્યક્તિના અંતિમ સંસ્કાર કરવા માટે આવ્યા હતા. વરસાદને કારણે કેટલાક લોકો છત નીચે ઉભા હતા, આ દરમિયાન છત પડી હતી. જેમાં લગભગ ૪૦ લોકો દબાઈ ગયા હોવાનું કહેવાય છે. જ્યારે ૧૮ લોકોના મોતનાં સમાચાર મળી રહ્યાં છે. ઉપરાંત ૧૫ લોકોને બહાર કાઢી હોસ્પિટલ ખસેડાયા છે. ધરાશાયી લેન્ટર મોટું હોવાને લીધે રેસ્ક્યૂ ઓપરેશન માટે ક્રેન બોલાવવામાં આવી છે. જ્યારે વરસાદને કારણે પણ રેસ્ક્યૂમાં મુશ્કેલી પડી રહી છે. હાલ પોલીસ અને એનડીઆરએફની ટીમ દ્વારા બચાવ કામગીરી ચાલુ છે. વળી, આ દૂર્ઘટના પર સીએમ યોગી આદિત્યનાથે સંજ્ઞાન લીધુ છે.




## પ્રકૃત્તિ સામે નવું સંકટ : રાજસ્થાન અને મધ્યપ્રદેશ બાદ હિમાચલમાં ૧૦૦૦ પક્ષીઓના થયા મોત

(જી.એન.એસ.)શિમલા,તા.૩

સમગ્ર દુનિયામાં વૈશ્વિક મહામારી કોરોના વાઈરસનો પ્રકોપ ચાલુ છે. દેશમાં કોરોના સંકટ વચ્ચે બર્ડ ફ્લુના નવા જોખમે દસ્તક આપી છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશ બાદ હવે હિમાચલમાં ૧૦૦૦થી વધારે પક્ષીઓના મોત નીપજ્યા છે. ચિંતાની વાત એ છે કે આ હવે વધુ ઝડપથી ફેલાવવા લાગ્યુ છે. મૃત પક્ષીઓના સેમ્પલ લઈને મધ્યપ્રદેશના ભોપાલની એક પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે. રાજસ્થાનના ઝાલાવાડ જિલ્લામાં બર્ડ ફ્લુની પુષ્ટિ બાદ શનિવારે પહેલીવાર કોટા અને પાલીમાં પણ કાગડાના મોત



નીપજ્યા છે. હવે આ પાંચ જિલ્લામાં ફેલાઈ ચૂક્યુ છે. શનિવારે બારાંમાં ૧૯, ઝાલાવાડમાં ૧૫ અને કોટાના રામગંજમંડીમાં વધુ ૨૨ કાગડાના મોત નીપજ્યા છે. કોટા સંભાગના આ ત્રણ જિલ્લામાં અત્યાર સુધી ૧૭૭ કાગડાના મોત નીપજ્યા છે. મધ્યપ્રદેશના ઈન્દોરમાં પણ વધુ ૧૩ કાગડાના મોત નીપજ્યા છે. જોખમની ચપેટમાં આવેલા પ્રવાસી પક્ષી રાજસ્થાન અને મધ્યપ્રદેશ બાદ હિમાચલ પ્રદેશના પાગ ડેમ અભયારણ્યમાં એક અઠવાડિયામાં ૧,૦૦૦થી વધારે પ્રવાસી પક્ષી મૃત મળ્યા છે.

## ફેઝ ૩ ટ્રાયલ વગર મંજૂરી અપાતા કોંગ્રેસ નેતાએ કર્યા આક્ષેપ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩

ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ ભારતમાં બે કોરોના વેક્સિનના ઉમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી છે. ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ રવિવારે એક પ્રેસ કોન્ફરન્સ યોજીને દેશમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા વિકસાવવામાં આવેલી કોવીશિલ્ડ તેમજ ભારતય બાયોટેક દ્વારા તૈયાર કરાયેલી કોવેક્સિનને આપાત પરિસ્થિતિમાં વપરાશ માટે લીલી ઝંડી આપી છે. આ અંગે કોંગ્રેસ નેતા શશિ થરૂરે સવાલ ઉઠાવ્યો છે. જેના જવાબમાં ડીસીજીઆઈએ સ્પષ્ટતા કરી છે.

## ડર કે આગે જીત હૈ : સાઉદી અરેબિયામાંથી તમામ કોરોના નિયંત્રણો હટાવી લેવામાં આવ્યા

(જી.એન.એસ.)રિયાધ,તા.૩

સાઉદી અરેબિયાએ તેની સરહદોને ફરી ખુલ્લી મૂકી દીધી છે, જે તેણે કોરોના વાઈરસ રોગચાળાનો ફેલાવો થવાથી બંધ કરી હતી. સાઉદી અરેબિયાના ગૃહ મંત્રાલયે આજે જાહેરાત કરી છે કે તમામ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ તેમજ રોડ માર્ગે કે દરિયાઈ માર્ગે દેશમાં પ્રવેશ કરવા પર મૂકાયેલો પ્રતિબંધ તેણે ઉઠાવી લીધો છે. આ નિર્ણય આજે સવારે ૧૧ વાગ્યાથી અમલમાં આવી ગયો છે. જોકે, બિન-સાઉદી નાગરિકો માટે અમુક શરત છે. જેમ કે, કોરોના વાઈરસના નવા સ્ટ્રેન તરીકે ઓળખી કાઢવામાં દેશોની બહાર ઓછામાં ઓછા ૧૪-દિવસ ગાળેલા હોવા જોઈએ અને તે પછી જ તેમને સાઉદી અરેબિયામાં પ્રવેશ આપવામાં આવશે. તે ઉપરાંત સાઉદી અરેબિયામાં પ્રવેશ્યા બાદ એમણે ઓછામાં ઓછી એક કોરોના મેડિકલ ટેસ્ટમાંથી પાસ થવાનું રહેશે. જ્યારે નવા કોરોના સ્ટ્રેનગ્રસ્ત દેશોમાંથી આવનાર સાઉદી નાગરિકોએ આગમન કર્યાથી ૧૪-દિવસ ક્વોરન્ટીન રહેવું પડસે અને બે કોવિડ-૧૯ ટેસ્ટ કરાવવી પડશે. સાઉદી અરેબિયામાં કોરોનાનો પહેલો કેસ ૨૦૨૦ના ફેબ્રુઆરીમાં નોંધાયો હતો. હવે ત્યાં કેસોની સંખ્યા ૨૦૦થી પણ ઓછી થઈ ગઈ છે.

## પાકિસ્તાનમાં પોલીસની દાદાગીરી : કાર ન રોકવા બદલ યુવકને મારી ૨૨ ગોળી

(જી.એન.એસ.)ઈસ્લામાબાદ,તા.૩

પાકિસ્તાની સેના જ નહીં, ત્યાંની પોલીસ પણ તેમના લોકો પર અત્યાચારના નવા રેકોર્ડ બનાવી રહી છે. શનિવારે કાર ન રોકવા બદલ પોલીસે ૨૧ વર્ષના યુવક પર અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. ત્યારબાદ હોસ્પિટલ પહોંચતા પહેલા યુવકનું મોત નીપજ્યું હતું. કહેવામાં આવી રહ્યું છે કે પોલીસે યુવક પર કુલ ૨૨ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. પાકિસ્તાની મીડિયા અનુસાર શનિવારે બપોરે ૨ વાગ્યે ઈસ્લામાબાદમાં આ ઘટના બની હતી. ઉસામા સત્તી કારમાં ચલાવીને જતો હતો. પોલીસના કહેવા પર કાર ન રોકતા પોલીસ જવાનોએ તેની ઉપર ઘાતક હથિયારોથી ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આ દરમિયાન યુવકના શરીરમાં ૧૭ ગોળી વાગતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પીડિતના પિતાએ પોલીસના હાથે હત્યા કરાયેલા પુત્ર માટે ન્યાય માટે વડાપ્રધાન ઈમરાન ખાનને અપીલ કરી છે. આ ઘટના અંગે પીડિતના પિતાએ જણાવ્યું હતુ કે પોલીસ અધિકારીએ પોતે સ્વીકાર્યું હતુ કે ઉસામા નિર્દોષ હતો. જોકે પાછળથી પોલીસે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. આ મામલે સોશિયલ મીડિયા પર પોલીસ સામે ભારે રોષ જોવા મળ્યો હતો. જેના પગલે આ મામલે ગુનામાં સંડોવાયેલા પાંચ પોલીસકર્મીની ધરપકડ કરવામાં આવી છે.

એક વિધવા વૃદ્ધ ની મરણ મૂડી લઈ પોસ્ટનો એજન્ટ ભરત પરમાર થયો ફરાર વધુ એક ખુલાસો ભરતનાં ઘરના સભ્યો પણ ખાતેદારો સાથે રૂપિયાની લેતી દેતી કરતા

# પોસ્ટ એજન્ટે ફેરવ્યું જૂનાગઢના ખાતેદારોનું કરોડો રૂપિયાનું ફુલેકુ





કૌભાંડ કરનારનો પરિવાર



ચક્રવાત ટીમ વનરાજ ચૌહાણ,તા.૩

કહેવાય છે કે વિશ્વાસે વ્યક્તિ દરિયો પાર કરી સકે છે પણ આંધળો વિશ્વાસ માણસને પાયમાલ કરે છે અને આવોજ એક કિસ્સો બન્યો છે .પોસ્ટ એજન્ટ ની પીપોલિલામાં એક વૃદ્ધે ગુમાવ્યા મરણ મૂડીના લાખો રૂપિયા. જૂનાગઢ માં વર્ષો થી લોકો ને પોતાના વિશ્વાસના વમળ માં ફસાવી સમય આવ્યે કરોડો રૂપિયા ની કળા કરી ફરાર થયો પોસ્ટ નો એજન્ટ ભરત પરમાર. વૃદ્ધ રમાં બેન ના પતિએ નિવૃત્તિના રૂપિયા ૨૦૦૧ માં ૨-લાખ જમા કરાવ્યા .વર્ષો વીતતાં વ્યાજ ભળી ૨૦ લાખ થયા અને આ ૨૦ લાખ રૂપિયાનો ચૂનો લગાડી ભરત પરમાર આજે રફૂચક્કર થાય ગ્યો છે . મ્યુચર ફંડ ના નામે અને પોસ્ટ ના નામે લાખો રૂપિયા પોતાની જાતે જ ઉપાડી ભરત અને તેનો પરિવાર થય ગયો છે ફરાર વધુમાં રમાબેનના જણાવ્યા પ્રમાણે ૨૦ વર્ષથી મૂકેલા રૂપિયા નું દર મહિને વ્યાજ મળતું, બે વર્ષ પહેલા તેમના પતિનું અવસાન થતાં તે એકલા રહે છે અને વર્ષોની જેમ દર મહિને ભરત પરમાર , ભરત ની પત્ની ભારતી,પુત્ર તુષાર કે ભરત ની દીકરી ખુશ્બુ રૂપિયા આપી જતા .અને વિશ્વાસનો વહેવાર બાંધતા એક વાર તો ભરતની પત્ની ભારતી એના ભાઈ ને હોસ્પિટલમાં રૂપિયાની જરૂર છે કહી લાખ રૂપિયા પણ લઈ ગયેલ .અને ફરી પાછા આપી ગયેલ. પરંતુ આ વાવ માં ઉતરી વરધ કપ્યાની કહેવત આજ સાચી સાબીત થાય છે અને બાકીના જમાં પડેલ ૨૦ લાખ રૂપિયા આજે ગુમાવવાનો વારો આવ્યો છે બસ માત્ર હવે મરવા સિવાય કોઈ રસ્તો નથી .આ વૃદ્ધ ની આંખોના આંસુ અને નિસાસા ની પડાવનાર ને શોધવા જૂનાગઢ પોલીસ પણ રાત દિવસ એક કરી રહી છે.લોકોના ઘરે ઘરે જઈ લોકો સાથે પારિવારિક સંબંધ બાંધી પોતાને દૂધ થી ધોયેલો ગણાવી અને લોકોના મનમાં આગવા વ્યક્તિત્વની છાપ ઊભી કરી પોતે ભરત પરમાર જ મહિને - મહિને હપ્તાના રૂપિયા ઉઘરાવતો પોતે જ સાઈન કરાવતો .અને ખાતેદારો ને સમય આવ્યે વ્યાજ પણ આપતો. ઘણા લોકોએ જણાવ્યું હતું કે વર્ષો થી વિશ્વાસ હતો અને સમય આવ્યે જે લોકોના રૂપિયા ભરાઈ જતાં તે ખાતેદારોને રૂપિયા પણ આપતો.પૂરો પરિવાર આ કોભાંડ મા સામેલ છે ત્યારે આવનાર સમય જ બતાવશે કે આ વિશ્વાસ ના વાયરાને લોકોની વેદનામાં ફેરવનાર ભરત અને તેનો પરિવાર ક્યારે આવે છે પોલીસ ના હાથ માં. એક એક રૂપિયો ભેરો કરી લોકોની મજૂરીના રૂપિયા, નોકરી કરી નિવૃત્તિ ના રૂપિયા અને અને મરણ મૂડી સ્વરૂપે જમાં કરેલા રૂપિયા પાછા આવશે કે કેમ એતો આવનાર સમય બતાવશે.

# અમદાવાદ સારવાર મંડળ એનજીઓએ કરી અનાથ બાળકો સાથે ક્રિસમસની ઉજવણી



ચક્રવાત ટીમ અમદાવાદ,તા.૩

રાજ્યમાં હાલમાં સેવાની ભાવનાથી ઘણી એનજીઓ ચલાવવામાં આવે છે અને અનાથ, નિરાધાર બાળકો, જરૂરિયાતમંદોને વિવિધ મદદ પહોંચાડવામાં આવે છે. ક્રિસમસની ઉજવણીમાં લોકો પૈસા વેડફી રહ્યા છે ત્યારે અમદાવાદમાં કાર્યરત સારવાર મંડળ એનજીઓ દ્વારા ક્રિસમસની ઉજવણીના ભાગરૂપે એનજીઓ પ્રેસિડેન્ટ બિમલાબાએ અનાથ બાળકો સાથે નવા વર્ષની ઉજવણી કરી હતી.

અમદાવાદ સારવાર મંડળ એનજીઓ દ્વારા શિયાળ ગામમાં જઈને અનાથ બાળકો સાથે ક્રિસમસની ઉજવણી કરવામાં આવી હતી. યુવાનોને પણ શરમાવે તેવી સ્ફૂર્તીથી ૮૫ વર્ષની ઉંમરે પ્રેસિડેન્ટ બીમલાબાએ બાળકો સાથે ઉજવણી કરી હતી. બાળકોને ટી શર્ટ, મોજા, ક્રિમરોલ, લાલ ટોપીઓ, ખજૂર, ખીચીની વહેંચણી કરવામાં આવી હતી તથા બાળકો સાથે મળીને અનુજાબેનના તબલાના તાલ સંગે અનીતાબેને ગીત ગાઈને કાર્યક્રમમાં ખૂબ જ રમઝટ બોલાવી હતી.

# વડોદરા જિલ્લામાં ઝડપી માલદાર બનવા પોલીસકોન્સ્ટેબલેદારૂનીહેરાફેરીઆચરી



ચક્રવાત ટીમ વડોદરા,તા.૩

રાજ્યમાં અસાજિક પ્રવૃત્તિઓ ડામવા સરકાર તથા પોલીસ મહાનિર્દેશકના આદેશ બાદ વડોદરા રેન્જ આઈ.જી. હરિકૃષ્ણ પટેલની સૂચના અને માર્ગદર્શનથી વડોદરા જિલ્લા પોલીસવડા સુધીર દેસાઈની સીધી દેખરેખ હેઠળ જિલ્લાના વાઘોડીયા નજીકથી પોલીસ કોન્સ્ટેબલ (લોકરક્ષક)ને વિભાગીય પોલીસ વડા જગદિશ બાંગરવા તથા મદદનીશોએ ધોરણસરની કાર્યવાહી હાથ ધરતા પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે.

છેલ્લા કેટલાય સમયથી ખાખી વર્ધીને બદનામ કરતા હોય તેવા પ ોલીસ કર્મીની અલગ અલગ કિસ્સાઓ સામે આવી રહ્યા છે. તવરા પાસેથી પ ીકઅપ વાનમાં લઈ જવાતો દારૂ પ ોલીસે પકડી પાડ્યો હતો. દારૂની ખેપ માં પોલીસ કર્મીની સીધી સંડોવણી સામે આવતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે.

વાઘોડિયા પોલીસ મથકના IPS જગદિશ બાંગરવા (Jagdish Bangarwa)એ તવરા પાસે પ સાર થતી નર્મદા કેનાલ નજીકથી વિદેશી દારુ ભરેલી પીકઅપ વાન પકડી પાડી હતી. પીકઅપ વાનમાં દારૂની ખેપ મારતા વડુ પોલીસ મથકના કોન્સ્ટેબલ હરસીંગ રાઠવાને ઝડપી પાડતા પોલીસ બેડામા ચકચાર મચી છે. કોન્સ્ટેબલ બુટલેગર બનતા પોલીસ ડિપાર્ટમેન્ટને શર્મજનક સ્થિતીમાં લાવી મુક્યું છે.

સમગ્ર ઘટનાને પગલે પોલીસના ઊચ્ચ અધિકારીઓનો કાફલો વાઘોડિયા પોલીસ મથકે દોડી આવ્યો છે. વાઘોડિયા પોલીસેજ ખેપ મારતા વડુના પોલીસ કોન્સ્ટેબલ સામે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે. કોન્સ્ટેબલની સાથે અન્ય કોઈ પોલીસ કર્મી પણ દારૂની હેરફેરમાં સંડોવાયેલ છે કે નહિ તે દિશામાં ચોક્કસ તપાસ હાથ ધરી છે.

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ‘આપ’ના ઉમેદવારો જાહેર કરાયા

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૪

રાજ્યમાં આગામી માસે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સામાન્ય ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ વચ્ચેની સીધી ટક્કર નિવારવા કેટલાક પ્રાદેશિક પક્ષોએ પણ પોતાનો જનાધાર મજબૂત કરવા પ્રયાસો હાથ ધરેલ છે. તાજેતરમાં બીટીપી તથા એઆઈએમઆઈ વચ્ચે સમજૂતી થયા બાદ આજે દિલ્હીમાં છેલ્લી ત્રણ ટર્મથી કોંગ્રેસ ભાજપને હંફાવી સ્થિર સરકાર આપી બન્ને પક્ષોને લપડાક આપનાર આમ આદમી પાર્ટી (આપ) એ ગુજરાતમાં પણ ઝુકાવવાની તૈયારીઓ કરેલ છે. જેમાં આજે પાર્ટી દ્વારા રાજ્યના છ મહાનગરો ઉપરાંત જિલ્લા, તાલુકા પંચાયતો તેમજ નગરપાલિકા ચૂંટણી જંગના ઉમેદવારોની સત્તાવાર જાહેરાત કરેલ છે. આપના પ્રદેશ પ્રુમખ દ્વારા સ્થાનિક આગેવાનો તથા કાર્યકરો સાથે મસલતો કર્યા બાદ મોવડી મંડળ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ આજે બપોર બાદ પક્ષ દ્વારા સત્તાવાર ઉમેદવારોની મોટી યાદી પ્રસિદ્ધ કરેલ છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજમાં ઝુકાવવાની તેયારીઓ કરતા કેટલાક પક્ષો હજુ સુધી આળસ દર્શાવી રહ્યા છે ત્યારે આપ દ્વારા પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી ચૂંટણી જંગને રસપ્રદ બનાવવાના પ્રયાસો હાથ ધરેલ છે.

# મહીસાગર જિલ્લા ભાજપ પ્રમુખનું હરિગઢ મુવાડા ખાતે સન્માન કરાયું હતું



ચક્રવાત ટીમ મહીસાગર,તા.૩

સેવાભાવી ઉત્સાહી એવા ખોડીયાર કન્ટ્રકશનના માલીક છત્રસિંહ ખાંટના નિવાસસ્થાને તમામ ઉપસ્થિત ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ધારાસભ્યો પાર્ટીના તમામ કાર્યકરો સરપંચ શ્રીઓ તથા આજુબાજુના વિસ્તારમાં આવેલા કાર્યકર્તાઓ ઉપ સ્થિત રહી વિકાસના કામો અને ખેડૂતોલક્ષી યોજનાઓની વિશેષ માહિતી માનનીય પૂર્વ ધારાસભ્ય શ્રીમતિ નીમીષાબેન સુથારે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

આ પ્રસંગે માનનીય પૂર્વ ધારાસભ્ય શ્રી કાળુભાઈ માલીવાડે ભારતીય જનતા પાર્ટીના કરેલા વિકાસના કામો અને રામ મંદીરના નિર્ણયને લોકો સમક્ષ રજુ કર્યું હાલના ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકે આદરણીય નરેન્દ્રભાઈ મોદીના વિકાસના કાર્યોની રૂપરેખાની માહીતી આપી વિધવા સહાય યોજના માટેની વિધવા બહેનોની મળતી સહાયની માહીતી આપી તથા વૃધ્ધ સહાય વિશે માહીતી આપી ધારાસભ્ય શ્રી કુબેરભાઈ ડીડોરે જ્યોતિગ્રામ યોજના માટેની ગ્રામજનોને વિસ્તૃત માહિતી આપી તદ ઉપરાંત શિયાલથી બારેલા સુધીના આવતા તમામ તળાવો ભરવામાં આવશે એ વિશે માહીતી આપી તથા છત્રાભાઈ ખાંટના નિવાસસ્થાને સરકાર શ્રી ના ગાઈડ લાઈન મુજબ શોશીયલ ડીશટનસનુ પાલન કરવામાં આવ્યું હતુ .

# લુણાવાડા નગરપાલિકાના ૨ ૨ કોર્પોરેટરો દ્વારા પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત

## BJP ના બળવા ખોર ડિરેક્ટરો અને કોંગ્રેસના સહિયોગથી NCPના ઉમેદવારને પ્રમુખ પદ માટે ૧૯ વોટ મળ્યા

ચક્રવાત ટીમ આણંદ,તા.૩

લુણાવાડા નગરપાલિકાના પ્રમુખની ચૂંટણી ૨૪ ઓગસ્ટના રોજ યોજાઈ હતી જેમાં ભાજપના આંતરિક વિખવાદના કારણે ભાજપ સત્તા વિહોણી બની હતી. બળવાખોર સભ્યો ના ટેકા થી NCP ના ઉમેદવાર પ્રમુખ તરીકે બ્રીંદા બેન શુક્લ તેમજ મીનાબેન પંડ્યા કોંગ્રેસમાં થી ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા હતા. કુલ ૨૮ સભ્યો ની નગરપાલિકામાં ભાજપ ૧૧, કોંગ્રેસ. ૧૪, અપક્ષ. ૦૨, એન.સી.પી ૦૧. જેમાં ૯ બીજેપના મળી ૧૯ NCP ના પ્રમુખ પદના દવેદાર ઉમેદવારને મળતાં બાજી જીતી હતી. પરંતુ નગરજનોના કામો ન થતા અને કોર્પોરેટરો દ્વારા વધુ પ ડતો ભ્રષ્ટચાર થયાના આક્ષેપો હોવાથી કંટાળીને લુણાવાડા નગરપાલિકાના બીજેપીના ૯,કોંગ્રેસના ૧૨ અને અપ ક્ષના ૧ ઉમેદવાર મળીને ૨૨ જેટલા કોર્પોરેટરોએ અવિશ્વાસની દરખાસ્ત લાવતા લુણાવાડા નગરમાં રાજકીય ભૂકંપ સર્જાયો હતો.

લુણાવાડા નગરની જનતાની જરૂરિયાતો અને મુશ્કેલીઓ અને તેઓ ના કામો માટે વારંવાર રજુઆતો કરવામાં આવતા છતાંય જનતા ના કામો થતાં ન હતા અને કોર્પોરેટરોના વિસ્તારમાં પણ કામો ન થતાં અવિશ્વાસની દરખાસ્ત કરાઈ છે. : લુણાવાડા શહેર પ્રમુખ બીજેપ ી.,મનુભાઈ પટેલ

સભ્યોની અવગણના અને અસંતોષના કારણે અવિશ્વાસની દરખાસ્ત મૂકી છે અને પાર્ટીના કોપ ોરેટરો છે તેમના કોઈ કામ નથી થતા તેને લઈ અસંતોષની દરખાસ્તમાં ૯ સભ્યો સહિત શહેર મહામંત્રી અને શહેર પ્રમુખ સહિત અવિશ્વાસની દરખાસ્તમાં સમર્થન આપ્યું છે : મહેશ રાણા,નગરપાલિકા સભ્ય વોડ નંબર ૪

ચાર મહિનામાં બિન્દાબેન શુક્લ એ માત્ર ભ્રષ્ટચાર જ કર્યો છે. જેથી અમોએ ભાજપ કોંગ્રેસ પક્ષ ની વાત છોડીને નગરની મુશ્કેલીઓને લઈ બંને પક્ષ દ્વારા અંતે આ નિર્ણય લેવામાં આવ્યો છે. : જયેંદ્રસિંહ સોલંકી નગરપાલિકા પૂર્વ પ્રમુખ અને હાલ કોર્પોરેટર

હાલના પ્રમુખ બિન્દાબેન શુક્લ ને લોકોમાંથી અને સભ્યોમાંથી વિશ્વાસ ગુમાવ્યો એટલા માટે અવિશ્વાસની દરખાસ્ત મૂકવામાં આવી છે. પ્રમુખ દ્વારા નગરજનો સાથે અયોગ્ય વ્યવહાર અને પોતાની સ્વાર્થી નીતિને લઈ બંને પક્ષ દ્વારા અવિશ્વાસની દરખાસ્ત મૂકવામાં આવી. લુણાવાડા શહેર પ્રમુખ કોંગ્રેસ, સુરેશભાઈ પટેલ

# રાજ્યમાં એક ડઝન શહેરોમાં તાપમાનનો પારો એક અંકમાં નોંધાતા જનજીવનને હળવી અસર

## કેશોદ, નલીયા, પોરબંદર, કંડલા, ડીસા અને રાજકોટમાં લોકો ઠીંગરાયા



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૩

રાજ્યમાં છેલ્લા એક સપ્તાહથી ચાલી રહેલ કડકડતી ઠંડીનો પ્રકોપ આજે પણ યથાવત રહેવા પામ્યો હતો. આગામી ૪૮ કલાક રાજ્યમાં ઠંડીનું મોજું હજુ યથાવત રહેવાનું હવામાન નિષ્ણાંતો દ્વારા આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આજે રાજ્ના કેટલાક વિસ્તારોમા કમોસમી વરસાદ થતા તાપમાનનો પારો થોડો વધુ નીચે તરફ સરકવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં આજે સૌથી નીચું તાપમાન કેશોદ, નલિયા, પોરબંદર, કંડલા વિમાન મથક, ડીસા, રાજકોટ, ગાંધીનગર ખાતે એક આંકમાં નોંધાયેલ રાજ્યમાં નૈઋત્યના પવનની ગતિ પાંચ થી પંદર કિ.મી./કલાકની રહી હતી. દેશના ઉત્તર-પૂવના રાજ્યોમાં નોંધાયેલ બરફ વર્ષા તેમજ હળવા માવઠાના કારણે હાલ ઠંડીમાંથી બરફવર્ષા તેમજ હળવા માવઠાના કારણે હાલ ઠંડીમાંથી મોટી રાહત મળવાની શક્યતાઓ નહીંવત છે. આજે જૂનાગઢમાં ૧૪.૨ તથા ગીરનાર પર્વત પર ૯.૫ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

રાજ્યમાં આજે કાતિલ ઠંડા પવનની અસરના કારણે લોકોએ હાડ થીજવતી ઠંડીનો સામનો કરવા તાપણાનો તેમજ ગરમ વસ્રોનો સહારો લેવો પડ્યો હતો. રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી કેશોદ ખાતે ૬.૪, નલીયા ૬.૭, પોરબંદર, ૮.૬, કંડલા ૮.૭, ડીસા ૮.૮, રાજકોટ ૯, ગાંધીનગર ૯, અમરેલી ૧૦, અમદાવાદ ૧૦, ભૂજ ૧૦.૨, કંડલા પોર્ટ ૧૦.૨, સુરેન્દ્રનગર ૧૧.૨, વેરાળ ૧૨.૧, દિવ ૧૨.૩, વલસાડ ૧૩, દ્વારકા ૧૩.૫, મહુવા ૧૩.૫, ભાવનગર ૧૩.૯ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.









# સુરેન્દ્રનગરમાં ખુલ્લે આમ ગૌચરમાં ખનન છતાં તંત્રના આંખ આડા કાન



ચક્રવાત ટીમ પુનાભાઈ વકાતર,તા.૩

સુરેન્દ્રનગર ના બાયપાસ રતનપર રોડ માળોદ ચોકડી ની બાજુમાં ભૂ માફિયા દ્વારા ખનન થઈ રહ્યું છે પ્રશાસન શું કરી રહ્યું છે ખાણ ખનીજના નજીકના વિસ્તારમાં ભૂ માફિયાઓ દ્વારા બેફામ ગૌચર જમીન પર બેફામ ચોરી પોલીસ પ્રશાસન તથા ખાન ખનીજ ના અધિકારોયો સુરેન્દ્રનગર કલેકટર સાહેબ શ્રી આ ગૌચર જમી ગાયો ની માલિકી છે આપ સાહેબ શ્રી ને નમ્ર વિનતી છે આ ભૂ માફિયા ને ગૌચર જમીન માં ખનન બંધ કરાવવા વિંનતી જો આ ખનન બંધ નહી થાય તો અમે સુરેન્દ્રનગર ના સમસ્ત માલધારી સમાજ દ્વારા આવનારા સમયમાં સુરેન્દ્રનગર માં ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમ ગુજરાત માલધારી સેના, સુરેન્દ્રનગર જિલ્લાના પ્રમુખ બળદેવભાઈ માગુંડા ચીમકી આપી છે.

# વાંકાનેર : શ્રી હરિહર ગૌશાળા ખાતે બ્રહ્મમિત્ર મંડળ દ્વારા વૃક્ષારોપણ યોજાયું



ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૩

શ્રી કૈલાસ આશ્રમ ગૌસેવ ચેરીટેબલ ટ્રસ્ટ વાંકાનેરના ઉપક્રમે શ્રી હરિહર ગૌશાળા ખાતે બ્રહ્મ મિત્ર મંડળ વાંકાનેર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વાંકાનેર યુવરાજ શ્રી કેસરીદેવસિંહ ઝાલાના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ યુવરાજ શ્રી કેશરીદેવસિંહજીની આશ્રમ તથા ગૌશાળાની શુભેચ્છા મુલાકાત દરમ્યાન ગૌશાળાની ગાયો અને વાછરડાઓને લીલું ઘાસ નાખી પુન્યનું ભાથું બાંધ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન અને માર્ગદર્શન કૈલાશ આશ્રમ સંચાલિત શ્રી હરિહર ગૌશાળાના અધ્યક્ષ શાસ્ત્રી શ્રી પ્રભુ લાલજી મહારાજ આપ્યું હતું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ યુવરાજ કેસરીદેવસિંહજી ઝાલા, જોધપર હનુમાનજી જગ્યાના મહંતશ્રી જયમનદાસ બાપુ, સમસ્ત બ્રહ્મસમાજ મોરબી યુવા જીલ્લા ઉપપ્રમુખ અમિતભાઈ ભટ્ટ, વાંકાનેર બ્રહ્મ સમાજ અગ્રણી ભરતભાઈ ઓઝા, રાજુભાઈ રાવલ, પ્રમોદભાઈ અત્રી તથા બ્રહ્મ મિત્ર મંડળ વાંકાનેરના તમામ સભ્યો હાજર રહ્યા હતા.

# સંસ્થાકિય સમાચારો

## મેંગોપીપલ પરીવાર દ્વારા સજુબા ગર્લ્સ હાઈસ્કૂલ ની દીકરીઓને નિશુલ્ક સેનેટરી પેડ વિતરણ



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૩

તાજેતરમાં તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ ના દિવસે નિર્મલરાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત મેંગોપીપલ પરીવાર દ્વારા શહેરની નામાંકીત સજુબા ગર્લ્સ હાઈસ્કૂલની દીકરીઓને નિશુલ્ક સેનેટરી પેડ વિતરણ કરવામાં આવેલ.

વિદ્યાર્થીનીઓ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિના ફોર્મ ભરવા આવેલ તે દીકરીઓને સમયાંતરે માત્ર ૫/૫ દીકરીઓને બોલાવી, માસ્ક પહેરીને, સોશ્યલ દિસ્તનસિંગ ની જાણવણી કરી ઉપરોક્ત કાર્યક્રમ સરકારની ગાઈડ લાઈન મુજબ પૂર્ણ કરેલ. આ સત્કર્મ માં શાળા ના આચાર્યા શ્રીમતી મધુબેન ભટ્ટ, શાળાના સમગ્ર સ્ટાફ તથા મેંગોપીપલ પરીવારના નરેન્દ્રભાઈ રાઠોડ તથા આશાબેન રાઠોડે સુંદર જહેમત ઉઠાવેલ. અત્રે ઉલ્લેખનીય છેકે મેંગોપીપલ પરીવાર છેલ્લા ૭ વર્ષથી ઝૂંપડપટ્ટી અને સ્લમ વિસ્તારોના બાળકો માટે સતત કાર્યશીલ સંસ્થા છે. તે આવા બાળકો માટે રાજકોટ તથા જામનગર માં ફ્રી એજ્યુકેશન ક્લાસ ચલાવે છે. સંસ્થાને આપનો સહયોગ આપવા અને વધુ માહિતી માટે મનીષભાઈ રાઠોડ ( મો. ૯૨૭૬૦૦૭૭૮૬ ) નંબર પર સંપર્ક કરવા અનુરોધ છે.

## રાજકોટ રામકૃષ્ણ આશ્રમ દ્વારા ધાબળા વિતરણ કરાયું



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૩

તાજેતરમાં તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ ના દિવસે નિર્મલરાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત મેંગોપીપલ પરીવાર દ્વારા શહેરની નામાંકીત સજુબા ગર્લ્સ હાઈસ્કૂલની દીકરીઓને નિશુલ્ક સેનેટરી પેડ વિતરણ કરવામાં આવેલ.

વિદ્યાર્થીનીઓ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિના ફોર્મ ભરવા આવેલ તે દીકરીઓને સમયાંતરે માત્ર ૫/૫ દીકરીઓને બોલાવી, માસ્ક પહેરીને, સોશ્યલ દિસ્તનસિંગ ની જાણવણી કરી ઉપરોક્ત કાર્યક્રમ સરકારની ગાઈડ લાઈન મુજબ પૂર્ણ કરેલ. આ સત્કર્મ માં શાળા ના આચાર્યા શ્રીમતી મધુબેન ભટ્ટ, શાળાના સમગ્ર સ્ટાફ તથા મેંગોપીપલ પરીવારના નરેન્દ્રભાઈ રાઠોડ તથા આશાબેન રાઠોડે સુંદર જહેમત ઉઠાવેલ. અત્રે ઉલ્લેખનીય છેકે મેંગોપીપલ પરીવાર છેલ્લા ૭ વર્ષથી ઝૂંપડપટ્ટી અને સ્લમ વિસ્તારોના બાળકો માટે સતત કાર્યશીલ સંસ્થા છે. તે આવા બાળકો માટે રાજકોટ તથા જામનગર માં ફ્રી એજ્યુકેશન ક્લાસ ચલાવે છે. સંસ્થાને આપનો સહયોગ આપવા અને વધુ માહિતી માટે મનીષભાઈ રાઠોડ ( મો. ૯૨૭૬૦૦૭૭૮૬ ) નંબર પર સંપર્ક કરવા અનુરોધ છે.

## બોટાદ ખાતે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના કાર્યકરો દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ



ચક્રવાત ટીમ બોટાદ, તા.૦૩

બોટાદ ખાતે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના કાર્યકરોએ નવા વર્ષની શરૂઆતમાં જ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પની અંદર યુવાનોએ ઉત્સાહથી ભાગ લઈ રક્તદાન કરેલ હતું. રક્તદાન કેમ્પ વિશે જણાવતા યુવાનોએ કહેવ કે લોહીનો કોઈ અન્ય વિકલ્પ નથી અને યુવાનોએ રક્તદાન કરવું જોઈએ જેના કારણે કોઈ ગરીબ લોકોનું જીવન બચી શકે છે અને લોકોને રક્તદાન કરવા માટે સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમમાં બોટાદ જિલ્લાના રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના પ્રમુખ કિર્તીભાઈ ચાવડા મહામંત્રી ડુંગરભાઈ સોલંકી તથા કાર્યકરો નાથાભાઈ મકવાણા અશ્વિનભાઈ મેરીયા ડી.ડી. મકવાણા અશ્વિનભાઈ પરમાર જગદીશભાઈ મારુ વિગેરે કાર્યકરો હાજર રહ્યા હતા.

# રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ કોડીનારની કારોબારી બેઠક યોજાઈ



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૩

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની કારોબારી બેઠક જય ખોડલ હોટલ ખાતે યોજાઈ હતી જેમાં તાલુકાના અધ્યક્ષ,મંત્રી, સંગઠન મંત્રી તેમજ કારોબારી સદસ્યો હાજર રહ્યા હતા. વડીલ શિક્ષક હાજાભાઈ નકુમ દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરુઆત કરવામાં આવી હતી. વરિષ્ઠ ઉપાધ્યક્ષ ભીખુભાઈ ગોહિલ હ=દ્વારા સંગઠન અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. આ બેઠકમાં સંગઠનના કાર્યો,સમાજ ઉપયોગી કાર્યો તેમજ નોંધાયેલા સદસ્યની માહિતી ની રજૂઆત કરવામાં આવી હતી. મહામંત્રી રવિભાઈ પરમારે સંગઠન અને સરકાર દ્વારા ચાલતી વિવિધ શિક્ષક હિતની યોજનાઓની માહિતિ અને પ્રગતિની ખાત્રી આપી હતી. એચ. ટાટના પ્રશ્નો, ઓ પી કેમ્પ અને જિલ્લા ફેર કેમ્પ રેશિયો વધારવો,સેવા વર્ગ ૨ માટેની પરિક્ષામા અનુભવ ગણવો. ૐછ્ ની જેમ વ્યાયામ શિક્ષકોને અલગ જ કેડર ગણવી,જુની પેન્શન યોજના, ૭ માં પગાર પંચ સમિક્ષા, રામજન્મ ભુમી તિર્થક્ષેત્ર, શિક્ષક સમન્વય હેતુ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ વગેરે, વગેરે બાબતો પર માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન સંગઠનમંત્રી યોગેશભાઈ ડોડીયાએ કરેલ અને બેઠકને સફળ બનાવેલ.

# રાજકોટ ભાજપના અભિવાદન કાર્યક્રમમાં કોરોનાનિયમોના લીરેલીરા ઉડ્યા

**સરકારના આ નીતિ-નિયમો અને ગાઇડલાઇન્સ જાણે સામાન્ય લોકો માટે જ હોય તેવું લાગી રહ્યું છે**

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૩

કોરોના અટકાવવા માટે સરકાર અનેક પગલા લઈ રહી છે. કોરોનાની ગાઈડલાઈનનું પાલન ના કરનારાઓ પાસેથી આકરો દંડ પણ વસૂલવામાં આવી રહ્યો છે. સામાન્ય લોકોએ જો માસ્ક પણ ના પહેર્યું હોય તો પણ તેમની પાસેથી મસમોટો દંડ વસૂલવામાં આવે છે. કોરોનાને અટકાવવા સાવધાની રાખવી જરૂરી છે અને આવા બેદરકાર લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે તે પણ એટલું જ જરૂરી છે. જો કે સરકારના આ નીતિ-નિયમો અને ગાઈડલાઈન્સ જાણે સામાન્ય લોકો માટે જ હોય તેવું લાગી રહ્યું છે.

રાજકોટમાં સરકારની ગાઈડલાઈનનના ભંગનો એક કિસ્સો સામે આવી રહ્યો છે. કોરોના ગાઈડલાઈનનો ભંગ કોઈ અન્યએ નહીં, પરંતુ સાંસદ અને ધારાસભ્યની હાજરીમાં થયો છે. ભાજપના અભિવાદન કાર્યક્રમમાં ભીડ ભેગી થઈ હતી અને આ દરમિયાન માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગનો અભાવ જોવા મળ્યો હતો. રાજકોટ જિલ્લાના લોધિકા ખીરસરા ગામે નેતાઓ જ કોવિડની ગાઈડલાઈન ભૂલતા લોકો પ્રશ્નો ઊઠાવી રહ્યા છે.

સરકારે લગ્ન પ્રસંગ અને માઠા પ્રસંગો માટે મર્યાદા નક્કી કરી રાખી છે અને નક્કી કરવામાં આવેલી સંખ્યામાં જ લોકો એકઠા થઈ શકે છે. જ્યારે ભાજપના અભિવાદન કાર્યક્રમમાં આવી કોઈ મર્યાદા જોવા મળી નહીં. રાજકોટ જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ અને મહામંત્રીઓનો અભિવાદન સમારોહ યોજાયો હતો. અભિવાદન સમારોહમાં ૨૦૦થી વધુ લોકો એકઠા થયા હતા, જેમાં મોટા ભાગના લોકોએ ના તો માસ્ક પહેર્યા હતા, કે ના તો કોઈ સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરતા જોવા મળ્યું હતુ. આ કાર્યક્રમમાં રાજકોટના સાંસદ મોહન કુંડારિયા, ગ્રામ્યના ધારાસભ્ય લાખા સાગઠીયા અને નવનિયુક્ત જિલ્લા ભાજપ પ્રમુખ સહિતના નેતાઓ હતા ઉપસ્થિત હતા.

# કોડીનારના ડિઝીટલ વિલેઝ વિઠલપુરમાં દીપડાએ યુવાનને મોતને ઘાટ ઉતાર્યો



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૩

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ડિઝીટલ વિલેઝ વિઠલપુર માં દીપડા એ યુવાનને મોતને ઘાટ ઉતાર્યો. ગામના આશરે ૨૭ વર્ષેના યુવાન અજીતભાઈ હીરાભાઈ ભેડા સૂત્રો દ્વારા જાણવા મળતી હકીકત મુજબ રાત્રીના ૯ વાગ્યાના સુમારે વાડીએ જતા અજીતભાઈને કાળ આંબી ગયો હતો. છેલ્લા એકાદ માસથી ગીર સોમનાથ જિલ્લામાં જંગલી જાનવરોના ત્રાસ તેમજ માનવ હુમલાઓ ના બનાવો સતત દિન પ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે આ ઘટનાથી વિઠલપૂર ગામમાં ઘેરા શોકની લાગણી જોવા મળી હતી. ગામના આશાસ્પદ યુવાનનું અપમૃત્યુ એ ખરેખર ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ને જાગી જવું જોઈએ તેમજ આવા માનવભક્ષી જંગલી જાનવરોને પાંજરે પૂરી દેવા જોઈએ તેવી રજૂઆત ગામના લોકો દ્વારા કરવામાં આવી હતી.

# અંબાજીનાં પીડિત પરીવારની દુઃખભરી કહાણી, આરોપીના જામીન નામંજૂર



ચક્રવાત ટીમ, તા.૦૩

શક્તિપીઠ અંબાજી ગૂજરાત અને રાજસ્થાન સરહદ પર આવેલું શક્તિપીઠ છે, આ ધામ મા ગુજરાતીઓ ઉપરાંત અન્ય રાજ્યો ના લોકો વસવાટ કરી રહ્યાં છે. આ ધામ મા વર્ષે દહાડે લાખો કરોડો માઈ ભકતો માતાજી ના દર્શન કરવા આવી રહ્યા છે અને દર્શન કરીને ધન્યતા અનુભવી રહ્યા છે, પરંતુ અંબાજી ગામ મા છેલ્લા કેટલાય દિવસોથી રાજુ માળી ની ગુંડાગીરી મોટા પ્રમાણમાં વધવા પામી છે અને હદ તો ત્યારે થઈ કે રાજુ માળી અને તેના સસરા દ્વારા અંબાજી ના નિર્દોષ સ્થાનીક પિતા પુત્ર પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો અને પોલીસે ફરિયાદ તે સમયે નોંધી હતી નહિ ત્યારબાદ ગંભીર હાલતમાં પિતા પુત્ર ને પાલનપુરમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે અંબાજી પોલીસ પાલનપુર રાજસ્થાન આઈ. સી.યુ માં જઈ ને પોલીસ ફરિયાદ નોંધવા પ્રયત્ન કર્યા હતા તેવો આરોપ પીડિત પરિવાર દ્વારા લગાવવામાં આવ્યા છે, હાલ આટલા દિવસ વિતવા છતાં પણ પિતા-પુત્ર પાલનપુર ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે હાલમાં પીડિત પરિવાર અંબાજી પોલીસની કામગીરીથી ભારે નારાજ છે અંબાજી ખાતે નાનકડી હોટલ ભાડે રાખી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા ઉમેશભાઈ અને તેમનો પરિવાર ખુબ જ સારો સ્વભાવ ધરાવે છે પરંતુ પાસે નાનકડી હોટલ ધરાવતા માથાભારે રાજુ માળી ની ગુંડાગીરી અંબાજી ખાતે વધવા પામી છે અને આ માથાભારે રાજુ માળી અને તેના સસરા દ્વારા ઉમેશભાઈ અને તેમના દીકરા હેત પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો અને મોડે મોડે વિવાદ વધતા પોલિસે ફરિયાદ દાખલ કરી હતી અને જમાઈ અને સસરા ને જેલ હવાલે કર્યા હતા અને ત્યાં હાજર રાજુ માળીની પત્નીને ભગાડવામાં આવી હતી તેવો આરોપ શિલ્પાબેન દ્વારા અંબાજી પોલીસ પર લગાવવામાં આવ્યો છે. પાલનપુર સેશન કોર્ટ દ્વારા સસરાના જામીન નામંજુર કરવામાં આવ્યા હતા અને આ માથાભારે આરોપીઓને જેલ હવાલે કરવામાં આવ્યા હતા, અંબાજી પોલીસ તરફથી પિડીત પરિવારને કોઈ પણ જાતનો સહયોગ મળ્યો નથી અને હુમલો કરનારા ડીસાના માથાભારે રાજુ માળી દ્વારા રાજકીય ધારાસભ્યો નો પ્રેસર કરાવવામાં આવી રહ્યા નો આરોપ પીડિત પરિવાર દ્વારા લગાવવામાં આવ્યો છે, જિલ્લા પોલીસ વડા દ્વારા પીડિત પરિવારને તાત્કાલિક ધોરણે ન્યાય મળે તેવી માંગ ઉઠી છે.

# કોડીનાર પોલીસ સ્ટેશનમાં ઉત્સાહનો માહોલ, ૧૩ પોલીસ કર્મીઓને બઢતી

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૩

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના પોલીસ સ્ટેશનમાં ૩ હેડ કોન્સ્ટેબલને એએસઆઈ અને ૧૦ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલનું પ્રમોશન આપવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા સરકારના નિયમોનુસાર પોલીસ વિભાગમાં ફરજ બજાવતા કર્મકર્મચારીઓ જેવા કે હથિયારી, બિન હથિયારી, કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલને એએસઆઈ તેમજ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી હતી. તેઓને કોડીનાર પોલીસ સ્ટેશન સમગ્ર સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

# બોટાદ જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા બોટાદ ખાતે રામ નીધી કાર્યાલયનું ઉદઘાટન



ચક્રવાત ટીમ બોટાદ, તા.૦૩

અયોધ્યા ખાતે રામ મંદિરનું નિર્માણ થવા જઈ રહ્યુ છે ત્યારે આ રામ મંદિરના નિર્માણમાં સમગ્ર દેશના હિન્દુ નાગરિકો દ્વારા પોતાનો ફાળો આપવામાં આવે અને દેશના હિન્દુ સમાજના દરેક લોકો પાસેથી ફુલ નહિ તો ફુલની પાંખડી સ્વરૂપે ફાળો સ્વીકારવામાં આવે તેવા હેતુથી આજ બોટાદ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું દેશમાં બની રહેલા અયોધ્યામાં રામ મંદિર સમગ્ર દેશમાં રહે અને કોઈને માલિકીનું ન થાય અને હિન્દુ ધર્મની આસ્થા અને લાગણી જળવાઈ રહે તેવા હેતુથી આ મંદિરના નિર્માણ માટે સમગ્ર દેશમાંથી ફંડ એકઠું કરી રહ્યું છે ત્યારે બોટાદ ખાતે સંતો મહંતોની હાજરીમાં શ્રીરામ નિધિ કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું આ કાર્યાલય નો હેતુ એવો છે કે અયોધ્યામાં માં બનવા જઈ રહેલ રામ મંદિરના નિર્માણ માટે સમગ્ર હિન્દુ શાંતિ બની રહે અને આસ્થા તથા ધાર્મિક લાગણી જળવાઈ રહે તેવા હેતુથી દરેક હિંદુના ઘેર જઈ ફાળો ઉઘરાવવા માટેની કાર્યવાહી કરવામાં આવશે.

# રાજકોટ : વરલીનો જુગાર રમતા અને રમાડનાર શખ્સો ઝડપાયા




ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૩

પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલ તથા સંયુક્ત પોલીસ કમિશ્નર ખુર્શીદ અહેમદ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન ૧ પ્રવીણ કુમાર તથા મદદનીશ પ ોલીસ કમિશ્નર ઉતર વિભાગ એસ આર ટંડેલ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઈમ શ્રી જે. એચ. સરવૈયા દારૂ અને જુગારના કેશો શોધી કાઢવા અંગે અમોને સૂચના કરેલ હોય જેથી પો. ઈન્સ. સી. જી. જોષીના માર્ગદર્શન મુજબ પો. સબ. ઈન્સ. એસ. એચ. નિમાવત પોલીસ સ્ટાફ સાથે પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમિયાન પો. હેડ. કોન્સ. રામભાઈ વાંક તથા પો.કોન્સ. જગદીશભાઈ વાંકના ઓને મળેલ બાતમીના આધારે રાજકોટ ગરેડિયા કૂવા રોડ પાસે જાહેરમાં વરલી ફીચરના આંકડા લખી પૈસાની હારજીતનો જુગાર રમી રમાડતા ઈસમોને પકડી ધોરણસર કાર્યવાહી કરવામાં આવે હતા.

# બનાસકાંઠાના છાપરી ચેકપોસ્ટ પરથી અઢી કિલાનો અફીણનો જથ્થો જપ્ત



ચક્રવાત ટીમ, તા.૦૩

બોર્ડર રેન્જ આઈ.જી. જે.આર મોરથલીયા સરહદી રેન્જ ભુજ તથા પોલીસ અધિક્ષક તરુણકુમાર દુગ્ગલે બનાસકાંઠા જિલ્લામાં દારૂ તથા જુગારની પ્રવૃત્તિ અટકાવવા કાર્યવાહી કરવા સુચના કરતા મદદનીશ પોલીસ અધિક્ષક પાલનપુર વિભાગ પાલનપુર સુશીલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ જે.બી આચાર્ય પો.ઈન્સ અંબાજીની સૂચના અન્વયે પી.કે લીમ્બાચીયા પોલીસ સબ ઈન્સ્પેકટર તથા પોલીસ સ્ટાફના માણસોએ સરહદ છાપરી ચેકપોસ્ટ ઉપર વાહન ચેકિંગ દરમિયાન ૨.૨૭૭ કિ.ગ્રા.કિં.રૂ.૨ ,૨૭,૭૦૦/-ના અફીણનો રસકટ ભરેલ થેલી સાથે પ્રકાશ સિંગ S/O મોગુસિંગ જાતે રાવત (મીણા) રહે. કંમ્બોલીયા તા.છોટીછાદડીયા જિલ્લો પ્રતાપગઢ રાજસ્થાન વાળા ને પકડી દ્રહ્જી કલમ અન્વયે કાર્યવાહી કરવામાં આવેલ છે. આ કામગીરી જે.બી આચાર્ય પોલીસ ઈન્સ્પેકટર અંબાજી તથા પી. કે.લીમ્બાચીયા પોલીસ સબ ઈન્સ્પેકટર તથા ASI સ્વરૂપભાઈ ખુશલારામ તથા ASI ઈશ્વરભાઈ માનચંદભાઈ તથા UHC જય કરણ તખતદાન તથા AHC દિનેશભાઈ રૂપાભાઈ તથા ASI ઉદેસિહ લાલસિંહ તથા UHC હિતેશકુમાર ઉમાજી તથા UPC જયેશકુમાર ગણપતલાલ તથા UPC સુરેશભાઈ ગોદડભાઈ તથા આઉટ સોર્સ ડ્રા.મનોજકુમાર જેઠાભાઈ વિગેરે સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

# વેરાવળ પાટણ શહેર કોંગ્રેસ સમિતિ જાહેર જનતા જોગ સંદેશ

ચક્રવાત ટીમ વેરાવળ, તા.૦૩

આજ રોજ સર્વે વેરાવળ પાટણ શહેર ની જાહેર જનતા ને જાણવાનું કે સ્થાનિક ચૂંટણી નજીક આવી ગઈ છે ત્યારે સર્વે વેરાવળ પાટણ શહેર ના નાગરિકો ને જણાવાનું કે જે કોઈ જાગૃત નાગરિક કે સમાજ સેવક આવનારી નગર પાલિકા ની ચૂંટણી લડવા માંગતા હોય તે લોકો માટે વેરાવળ પાટણ શહેર કોંગ્રેસ ના પ્રમુખ શ્રી દિનેશભાઈ રાયઠઠ્ઠા દ્વારા સોમનાથ સીટ ના પ્રભારી શ્રી દેવાભાઈ મંગળીયા ના અધ્યક્ષ સ્થાને બે તબ્બકા મા ઉમેદવાર ના ફોર્મ સ્વીકાર મા આવશે. જેમાં પ્રથમ તબ્બકા મા વોર્ડ નંબર - ૧,૭,૮,૯ અને ૧૧ ના ઉમેદવાર ની સમીક્ષા કરવામા આવશે. તો જે કોઈ જાગૃ ત નાગરિક ચૂંટણી લડવા ઈચ્છાતા હોય એ તારીખ ૦૫/૦૧/૨૦૨૧ ને મંગળવાર ના રોજ સવારે ૧૧ થી ૨ વાગ્યા સુધીમાં ધારાસભ્ય શ્રી ના કાર્યલય, ટાવર ચોક પાસે પોતાની ઉમેદવારી ફોર્મ ભરવા ઉપસ્થિત રહે તેવી વેરાવળ પાટણ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા જાહેર જનતા ને જાણ કરવામા આવે છે. (ફોર્મ ભરવા ની સાથે જરૂરી ડોક્યુમેન્ટ લાવવા જરૂરી છે - આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, ૨ પાસપોર્ટ ફોટા, મતદાર ક્રમાંક)

# કોડીનાર ધારાસભ્ય મોહનભાઈ વાળા તથા તેમની ટીમ દ્વારા ગરીબોને ધાબળા વિતરણ



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૩

માનવ સેવા એજ પ્રભુ સેવા એ ભાવનાથી પ્રેરાઈને શિયાળામાં અનેક નામી અનામી લોકો દ્વારા કોડીનારના ધારાસભ્ય મોહનભાઈ વાળા અને માઢવાડ પ્રાથમિક શાળાના શિક્ષક કે.જી. પરમાર, ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ સોશિયલ મીડિયાના પ્રમુખ ગૌતમભાઈ વાળા, હિમતભાઈ વાઢેળ તેમજ તેમની ટીમ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષ પણ કડકડતી ઠંડીમા જરૂરિયાતમંદ લોકોને ધાબળાનું વિતરણ કરવામાં આવેલ જેમાં બસસ્ટેન્ડ, પાણી દરવાજા, રેલવે સ્ટેશન અને હાઈ વે રોડ પરના વિસ્તારોમા જઈ ખુલ્લામા વસવાટ કરતા લોકોને ઠંડીથી રાહત મળી શકે તેવા હેતુથી વિતરણ કરેલ.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

તંત્રીસ્થાનેથી......

# અમેરિકામાં ચૂંટણી બાદ પણ પ્રમુખ પદ માટેની ગૂંચવણો યથાવત કેમ ?

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની રાષ્ટ્રપતિ તરીકેની અવધિ પૂર્ણ થવાને ગણતરીના દિવસો છે ત્યારે ફરી ચૂંટણીમાં કથિત ગેરરીતિ લઈને રાજકારણ ગરમાયું છે. અમેરિકામાં કેટલાક સેનેટર્સનું જણાવવું કહેવું છે કે તેઓ જો બાઇડનના વિજયને પ્રમાણિત નહીં કરે. તેમનું કહેવું છે કે, જ્યાં સુધી મતદાનમાં ગેરરીતિની તપાસ માટે પંચ નહીં નિમવામાં આવે ત્યાં સુધી તેઓ વિજયને પ્રમાણિત નહીં કરે. રિપબ્લિકન પાર્ટીના ટેડ ક્રૂઝના નેતૃત્વમાં ૧૧ સેનેટર્સ અને નવાચૂંટાયેલા સેનેટર્સ ઈચ્છે છે કે મતદાન મામલે તપાસ થવી જોઈએ અને તેમાં ૧૦ દિવસનું ઓડિટ કરવામાં આવે. જોકે તેમની આ રજૂઆત સફળ થાય એવી શક્યતા નહીં જણાતી કારણ કે મોટાભાગના સેનેટર્સ ૬ જાન્યુઆરીના રોજ જો બાઇડનનું રાષ્ટ્રપતિપદ માટે સમર્થન કરે એવી શક્યતા છે. બીજી તરફ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હજુ પણ હાર નથી માની. તેઓ વારંવાર પુરાવા આપ્યા વગર મતદાનમાં ગેરરીતિના આક્ષેપ કરતા આવ્યા છે. તેમની ટીમ દ્વારા કોર્ટમાં પરિણામોને પડકારવામાં આવ્યા હતા પરંતુ તેમાં પણ સફળતા નથી મળી. પરંતુ એક વાત એ પણ છે કે યુએસના ઈલેક્ટોરલ કોલેજે બાઇડનને ૩૦૬ બેઠકો સાથે દેશના રાજ્યના પોઈન્ટ્સ આપીને તેમની જગ્યા પાક્કી કરી છે. તો ટ્રમ્પ પાસે ૨૩૨ બેઠકો છે. જોકે તેમના મતોને ૬ જાન્યુઆરીને કોંગ્રેસ દ્વારા પુષ્ટિ મળવી જરૂરી છે. તથા ૨૦મી તારીખે શપથવિધિ યોજાશે. જેમાં પ્રમુખ અને ઉપ-પ્રમુખ શપથ લેશે... ટેક્સાસના સેનેટર્સ ટેડ ક્રૂઝની આગેવાનીમાં ૧૧ સેનેટર્સે એક નિવેદનમાં કહ્યું કે ચૂંટણીના મતદાન અને પરિણામોમાં ગેરરીતિ થઈ છે. એટલે જેમ ૧૮૭૭માં પરિણામોમાં બંને પાર્ટીએ જીતના દાવા બાદ એક પંચ નિમવામાં આવ્યું હતું અને તપાસ થઈ હતી તે જ રીતે જે રાજ્યોમાં પરિણામોમાં વિવાદ છે ત્યાં ૧૦ દિવસનું તત્કાલિક ઓડિટ હાથ ધરવામાં આવે. તેમનું કહેવું છે કે એક વાર ઓડિટ પત્યા પછી તે રાજ્યો તેનું મૂલ્યાંકન કરીને એક ખાસ સત્ર બોલાવીને મતદાન કરીને પરિણામો જાહેર કરવામાં આવે. જોકે તેમણે એ પણ કહ્યું છે કે તેમની આ માગ સ્વીકારાય એવી ઓછી શક્યતા છે. અને તેમણે અન્ય સેનેટર્સને પણ ટેકા માટે અપીલ કરી છે. આથી વિપરીત જો બાઇડનના સહયોગી બર્ની સેન્ડર્સે ટ્વીટર પર એક નિવેદન જારી કરીને રિપબ્લિકન્સ સામે પ્રહાર કર્યો છે અને બાઇડનના સમર્થનમાં વાત કરી છે. તેમણે તેમાં કહ્યું કે ૨૦મી જાન્યુઆરીની બપોરે બાઇડન રાષ્ટ્રપતિ બનશે. રિપબ્લિકન્સ પરિણામોને ઉલટાવવા માગે છે જો પરંતુ આવો પ્રયાસ કરીને તેઓ લોકશાહી અને અમેરિકાના મતદારોનો તિરસ્કાર કરી રહ્યા છે. સેનેટર્સ અને ગૃહના પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા વાંધાઓ પર સાંસદો બે કલાક ચર્ચા કરશે અને પછી મતદાન કરશે. પરંતુ ઈલેક્ટોરલ વોટને ફગાવી દેવા માટે બંને ગૃહના બહુમતી સભ્યો દ્વારા તેને રદ કરવામાં આવે તે જરૂરી છે. તો જ તે મત રદ ગણાશે. પરંતુ ડેમોક્રેટ્સ પાસે ગૃહમાં બહુમતી છે અને કેટલાક રિપબ્લિકન્સ પહેલાં જ કહી દીધું છે કે તેઓ આમાં ભાગ નહીં લે. ટોચના રિપબ્લિકન્સ નેતાઓ કહે છે કે, ચૂંટણીપરિણામોને પ્રમાણિત કરવામાં સૅનેટની ભૂમિકા માત્ર એક પંરપરા પ્રકારની છે. તે વિવાદો પર ચર્ચાઓ કરવા માટે નથી. ઉપરાંત સૅનેટના બહુમતી નેતા મિચ મૅકકૉનેલે બાઇડનની જીતને સ્વીકારી લીધી છે અને રિપબ્લિકન્સને કહ્યું પણ છે કે તેઓ તેમાં વાંધા રજૂ ન કરે...

યાકુબ બાહી
તંત્રી




## પ્રકરણ ૩૧

શરદપૂનમની રાતડી ને રંગ ડોલરીયો...

માતાજી રમવા ઘોને રંગ ડોલરીયો...

નવરાત્રિનો હેંગઓવર હજુ ઉતર્યો નહોતો. 'ફ્યુચર લેબ' ની લોનમાં શરદપૂનમે ‘શાહી ચસ્કા’ નામની મિજબાનીમાં રાસગરબા સાથે ચંદ્રની શીતળ ચાંદનીમાં દૂધપૌંઆનો પ્રોગ્રામ હતો. આયોજન સરસ હતું. પરંતુ માહોલ નવરાત્રિ જેમ જમાવટ નહોતો લેતો. દૂધપૌંઆની આરોગતાં સંગીતની ધૂન સાંભળી મારા પગમાં જોમ ચડવા લાગ્યું.

“કાના, લાગે છે નવરાત્રિમાં ઈશિતા જોડે રમેલા રોમેન્ટિક રાસનો નશો હજુ ઉતર્યો નથી.''મીરાએ દાવ લેતાં કહ્યું.

“એય મીરુ, આવું કંઈ નથી પણ હું લાઈફમાં ફર્સ્ટટાઈમ આવી રીતે રમ્યો. એટલે એ યાદગાર તો રહેવાનું જ. એય બંને ચાલોને ચલતી ચાલુ થઈ છે. લાસ્ટ રાઉન્ડની થોડી મિનિટો જ છે.'' મેં કહ્યું.

“ના, મારે નથી આવવું, તું જા. મને એક તો આ ચલતીના ફાસ્ટ સ્ટેપ બહુ નથી ફાવતાં. અને પગ પણ દુ:ખે છે.'' મીરા દૂધપૌંઆ ખાતાં બોલી.

“હું આજે આવી શકું તેમ નથી.'' હેપ્પીએ કંઈ પૂછું એ પહેલાં જવાબ આપ્યો.

“કેમ પણ... રાસ રમવામાં શું પ્રોબ્લેમ છે. મેં જોયું તું આજે મેદાનમાં રાસ રમવા જ નથી આવી.'' મેં દલીલ કરતાં કહ્યું.

“તું હજુ નાનો છે બકા. તને નહીં સમજાય. તું અને રાહુલ જવું હોય તો જાઓ. હું અહીંયાં મીરા પાસે છું.'' હેપ્પી મને સૂચના આપતાં બોલી. બંનેએ અંદરોઅંદર કંઈક ગુસપુસ કરીને હસી લીધું.

રાહુલે ફોન મૂકતાં કહ્યું, “ લેટ્સ ગો ... લાસ્ટ રાઉન્ડ માટે ?'' મારો નીમાણો પડેલો ચહેરો જોઈને બંને ખડખડાટ હસી પડી. રાહુલને કંઈ સમજાયું નહીં.

“મીરા થાકી ગઈ છે, હેપ્પી આવવાની ના પાડે છે.'' મેં ખુલાસો રજૂ કર્યો.

“હેપ્પી તું એગ્રી હોય તો માતાજી કંઈ ના નહીં પાડે.' બંને સ્તબ્ધ ચહેરે રાહુલ સામે જોઈ રહી. હું આખી વાતનો મર્મ પામી ગયો હતો. મને થોડી મોડી લાઈટ થઈ.

“રાહુલ શું આવી વાતની જાહેરમાં ડિબેટ કરવી જરૂરી છે ?'' હેપ્પીએ મોં ફુલાવતાં કહ્યું.

“વ્હાય નોટ ? શા માટે ના થવી જોઈએ ? ઈટ્સ નેચરલ યાર. એ કોઈ પાપ નથી. તમે રમી શકવા કંફાર્મટેબલ એન્ડ પ્રિપેર હોય તો કોઈ માતાજી રોકવા નહીં આવે. ધીસ ઈસ ૨૧ સેન્ચ્યુરી. તમે ક્યાં યુગમાં જીવો છો યાર....?'' રાહુલ અટક્યો.

“લૂક રાહુલ, બધા તારા જેવા ઓપન માઈન્ડેડ અને જાહેરમાં વાત કરી શકે તેવા નથી હોતા. અમને ઘર કે પાડોશમાંથી એટલી સૂચનાઓ કે સલાહો મળતી રહે છે. આ દિવસોમાં આ ના ખવાય, આવા કપડાં ન પહેરાય, આ રીતે ના બેસાય, આ જગ્યાએ ના જવાય, શું કુદરતે મેન્સ્ટ્રુઅલ સાયકલ બનાવીને કોઈ ગુનો કર્યો છે. અસલી ગુનેગાર તો એ છે. એને સજા આપોને અમને શા માટે ?'' હેપ્પીએ ગુસ્સે થતાં કહ્યું.

સંગીત ધીમું પડી રહ્યું હતું. હતું. અમે બધા મૌન હતા. અજાણતાં જ ચર્ચા બીજા વિષય પર ચાલી ગઈ હતી. “હેપ્પી, આઈ એમ એગ્રી વિથ યુ. બટ જ્યાં સુધી તમે આગળ નહીં આવો ત્યાં સુધી અમે સપોર્ટ આપવાથી વધુ કશું જ ના કરી શકીએ.'' રાહુલે કહ્યું.

“કાશ, બધાને તારા જેવા ફાધર, હસબન્ડ કે બ્રધર મળે ! આઈ એમ પ્રાઉડ ઓફ યુ બ્રધર.'' મીરાએ આંખોથી રાહુલને સન્માન આપ્યું.

આ સબ્જેક્ટ હજુ મારા કોર્ષની બહાર હતો. મેં ચર્ચામાં ભાગ લેવાને બદલે મૌન રહેવાનું વધુ મુનાસીબ માન્યું. સ્કૂલના ગ્રાઉન્ડની લોનમાં શરદપૂનમનો ચાંદ કેટલો અદભુત લાગતો હતો. ઘણા સમયે તેને આટલો નજીકથી જોયો. એમ કહેવાય છે.જ્યારે ગર્લફ્રેન્ડ રીસાઈ જાય ત્યારે ચાંદામામાની શીતળ ચાંદની સાથે વાતો કરવી. તેના રંગરૂપ તમને રોમાન્સની કમી મહેસૂસ થવા નહીં દે. મીરાનો ચહેરો પૂનમના ચંદ્રમાં સમાઈ જઈ તેને નસીબદાર બનાવતો હતો. મીરા પીળા કલરનાં સાદા ડ્રેસમાં કેટલી મસ્ત લાગતી હતી. આજે મને લાગ્યું કે હું તેની જોડે પ્રેમના બંધનમાં વહેલો બંધાઈ જઈશ. મને મારા વિચારો પર હસવું આવી રહ્યું હતું.

“હેય બડી, મારે જવું પડશે. ડેડીનો મેસેજ છે. થોડું ઈમરજન્સી કામ આવી ગયું છે.'' રાહુલે કહ્યું.

“આટલી વારમાં શું થઈ ગયું ? ઈમરજન્સી ..! અત્યારથી ડોક્ટરની પ્રેક્ટિસ શરૂ કરી દીધી કે શું ? અમે પણ સાથે આવીએ કે કંઈ હેલ્પ કરીએ ?'' હેપ્પીએ પૂછ્યું.

“ના, આમા તમે કંઈ મદદ કરી શકો તેમ નથી. ખુદની કરો તો પણ ઘણું છે. પપ્પાએ ઘરે સ્ટડી માટે સ્પેશ્યલ ટીચર્સ રોક્યાં છે. કાલે બાયોલોજીની ટેસ્ટ હતી. આજે રિઝલ્ટ આવ્યું હશે. તમને ખબર જ છે, મારું બાયોલોજી કેવું છે. ઘરે જઈને મારું શું થવાનું છે.'' તે ગમગની બની ગયો.

“રાહુલ, સ્કૂલમાં બધા ટીચર્સ કેટલું સારું ભણાવે છે. એક્સ્ટ્રા ટ્યૂશન માટેની કોઈ જરૂર પડે તેમ નથી. તો શા માટે આ ગોખણપટ્ટી પાછ્ળ એક્સ્ટ્રા કલાકો વેસ્ટ કરવાના ?'' મીરા બોલી.

“મીરા, આ તને સમજાય છે, મારા ડેડને નહીં. મારા ડેડને તો મને ડૉક્ટર બનતો જોવો છે. એના માટે ડૉક્ટર સિવાય દુનિયામાં જાણે બીજો પ્રોફેશન જ નથી. મારા પેઈન્ટિંગ એક્ઝિબિશનમાં તારા ફાધર પણ હતા. પૂછ ક્રિષ્નાને તેમણે મારા પેઈન્ટિંગ આર્ટ વિશે શું કીધું હતું. એમને તો બધું ટાઈમ અને મની વેસ્ટીગ લાગે છે. ફક્ત મારી મમ્મી મને સપોર્ટ કરે છે. ડેડ માટે હું ડૉક્ટર નહીં બનું તો ડૉક્ટર હાઉસની ઈજ્જત ધૂળમાં મળી જશે. પોતાના ડ્રિમ માટે એક બાપ પોતાના દીકરા પર આટલું પ્રેશર અને મેન્ટલ ટોર્ચરીગ કંઈ રીતે કરી શકે ? અરે યાર, મને કોઈ તો સમજાવો આ ઈજ્જત શું કોઈની જિંદગી કરતાં પણ વધારે કિંમતી હોય છે ?'' તે મોટા અવાજે બોલતો રીતસર રડી પડ્યો. મેં તેને ગળે લગાડ્યો.

“રાહુલ, શાંત થા. એવું કશું ના હોય. બધું સારું થઈ જશે.'' હું તેની પીઠ પર હાથ ફેરવતો બોલ્યો.

બધા અમારી સામે જોઈ રહ્યા હતા. મીરાએ આંખોનો ઈશારો કરી અહીંથી નીકળવા સમજાવ્યું. રાહુલને થોડો શાંત પાડી અમે બધા ‘કાકાની કીટલી’ પર આવ્યા. અમે ત્રણેયને મળીને રાહુલને થોડી હિંમત આપી. હેપ્પીએ કંઈ કેટલી નૌટંકી કરી. આખરે તેના ચહેરા પર સ્માઈલ આવી. અમે બધા છૂટા પડ્યા.

બીજા દિવસે પ્રિન્સિપાલે હેપ્પી, મીરા સાથે મને પણ તેમની ઑફિસમાં બોલાવ્યો. કાલે બનેલી આખી ઘટના વિશે માહિતી મેળવી. પછી થોડા સવાલો પૂછ્યા. ખાસ કરીને મને કારણ કે હું રાહુલની સહુથી વધુ નજીક હતો. મેં તેના પપ્પાના કડક સ્વભાવની વાત પ્રિન્સિપાલથી છુપાવી, મને બીક હતી જો તેમણે કંઈક એક્શન લીધા તો રાહુલના પપ્પા શાંત નહીં રહે. રાહુલનું પેઈન્ટિંગ બંધ થઈ જવાનું નક્કી હતું. મને રાહુલની ચિંતા હતી. મને હવે રાહુલના પપ્પા માટે રીતસર નફરત થઈ ગઈ હતી. શા માટે તે રાહુલ પર ડૉક્ટર બનવા માટે આટલું બધું પ્રેશર કરતા હશે ?

સ્કૂલે રાહુલ વાળી ઘટના હળવાશથી લીધી. અમારી એક્ઝામ ચાલુ થઈ ગઈ એટલે આખી વાત બધા ભૂલી ગયા. આમ તો પરીક્ષાની કોઈ ચિંતા નહોતી પરંતુ જ્યારે તેનો માહોલ બંધાયો હોય ત્યારે થોડું નર્વસ થવું સ્વાભાવિક હતું. મને રાહુલની ચિંતા હતી. જોકે તે પણ હવે નૉર્મલ બની ગયો હતો. આ શાંત પાણીમાં ફેંકાયેલો પહેલો કાંકરો હતો. મેં અજાણતાં જ એક મુસીબતની સર્જન પ્રક્રિયા શરૂ કરી દીધી હતી. મને ક્યાં ખબર હતી. મેં જો રાહુલના પપ્પાના કડક સ્વભાવની વાત પ્રિન્સિપાલને કહી દીધી હોત તો.... રાહુલનું ભવિષ્ય કંઈક અલગ જ હોત ....! સાથે મારું પણ......!

★ ★ ★

દરરોજ સૂરજ તમને ઉઠાડે ત્યારે તમારી સાથે સપનાંઓ પણ આળસ મરડીને બેઠા થતાં હોય છે. ક્યારેક ઉઠ્યા પછી બે મિનિટ પથારીમાં એમ જ બેસીને વિચારજો. સવારની એ ખામોશી. તમારા સપનાની પાંખોનો ફડફડાટ. તેની ઉડવાની તડપ ધ્યાનથી મહેસૂસ કરો. તે તમારી પાસે ફક્ત એક તક જ માગતા હોય છે. તમે થોડા આળસુ થઈ. કોઈ બહાનું બતાવી ઉડાન ટાળી દો છો. એ બહાના ખુદથી દૂર ભાગવા માટે બનાવેલા હોય છે. તમે ખુદને કેટલો સમય છેતરી શકો ? તમારું સપનું આખરે તમારું જ છે. આજે નહીં તો કાલે એ તમારે જ પૂરું કરવું પડશે.

કહેવાય છે સપનાં કોઈ સાહસિક જ જોઈ શકે. એના સાકાર થવા ના થવા વિશે કોઈ ડરપોક જ વિચાર્યા કરે. તમારે સાહસિક બનવું છે કે ડરપોક ? તો રાહ કોની જુઓ છો. ઉઠો અને પાંખો ફડફડાવતા આ સપનાંઓને લાગણીના બંધનોમાંથી મુક્ત કરો. આઝાદ ઉડાન ભરવા દો. કોને ખબર તમારું પૂરું થયેલું સપનું કોઈની જિંદગી જીવવાનું કારણ બની જાય.

ગુડ મૉર્નિંગગગગગ રાજકોટ, શરદપૂનમની વિદાય બાદ શિયાળો ફૂલગુલાબી ઠંડી સાથે દરવાજે દસ્તક દઈ રહ્યો છે. સવારના સાત અને ચાલીસ મિનિટ. હું છું આર.જે. નંદિની ગ્રાન્ડ એફ.એમ. ૯૬.૯ પર. ‘રાજકોટના રાજદરબાર’ માં ગુડી ગુડી મૉર્નિંગ સાથે તમારું સ્વાગત છે. હું ચાની ચુસ્કી લઈને આવું ત્યાં સુધી તમે સાંભળો આ ચાકા જેવું ગીત...

દિલ હે છોટા સા...

છોટી સી આશા...

કેટલો સુંદર અવાજ છે યાર, એકદમ રણકતો અને સેક્સી. ગ્રાન્ડ ફ્લસ પાર્કમાં આ ફ્લસ સ્ટેશન ચાલુ થયું ત્યારથી મારી સવાર નંદિનીના અવાજ સાથે જ પડતી. આજે લાસ્ટ પેપર હતું. કાલથી દિવાળીનું વેકેશન શરૂ થવાનું હતું. ઘરેથી આવ્યા પછી એક પણ શનિ-રવિમાં હું ઘરે જઈ શક્યો નહોતો. આ વખતે મન ભરીને ૧૫ દિવસ માટે રોકાવાનો હતો. સાગર પાછો ક્યાંક ખોવાઈ ગયો હતો.

મોબાઈલમાં રીંગ વાગી. ઈશિતાનો ફોન હતો. ઉપાડવાનું મન જ ના થયું. મને પણ એક મહિના માટે તેને બ્લૉક કરી દેવાનું મન થઈ આવ્યું. પછી તેને બેસ્ટ ગિફ્ટ તરીકે આપેલી નવરાત્રિ યાદ આવી. મેં કૉલ રિસિવ કર્યો, “હેલ્લો.''

“સૉરી સ્વીટહાર્ટ, રીયલી વેરી સૉરી. પ્લીઝ મને માફ કરી દે. તે દિવસે હું બીજા કોઈ રિઝનથી સખત ગુસ્સામાં હતી. મારે તે દિવસે ત્યાંથી ચાલ્યું જવું જોઈતું નહોતું. તું સમજી શકે છે ને હું શું કહેવા માગું છું... પ્લીઝ મને માફ કરી દે. નેક્સ્ટ ટાઈમ આવું નહીં કરું.'' કહીને તે રડી રહી હતી. હું તેને માફ કરવાના મૂડમાં જરાય નહોતો.

“પ્લીઝ ક્રિષ્ના, કંઈક તો જવાબ આપ. હું અહીંયાં કેટલાય દિવસથી સૂઈ નથી શકી. મને કેટલી ગીલ્ટી ફીલ થાય છે તને ખબર છે ? આપણે આજે મળીએ...પ્લીઝ એકવાર મારે રૂબરૂ મળવું છે. તારું બહુ જરૂરી કામ છે. પ્લીઝ... પ્લીઝ...'' મારી મળવાની જરાય ઈચ્છા નહોતી. મેં પરાણે હા પાડી દીધી. સાંજે પાંચ વાગ્યે ગેલેક્સી મોલમાં મળવાનું નક્કી થયું. **(ક્રમશઃ)**

Mo. & wtsp - 88666 09807
ravivir2020@gmail.com

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૪-૦૧-૨૦૨૧, સોમવાર, માગશર વદ-૬, સૂર્યોદય-૭-૨૮, સૂર્યાસ્ત-૬-૧૪, જૈન નવકારશી-૮-૧૬, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ પૂર્વાફાલ્ગુની

**- શુભ ચોઘડીયા -**

૧૨-૩૦થી ૨૩-૨૪ અભિજીત, ૭-૨૯થી અમૃત-૮-૪૯ સુધી, ૧૦-૧૦થી શુભ ૧૧-૩૧ સુધી, ૧૪-૧૩ થી ચલ-લાભ-અમૃત-ચલ-૧૯-૫૪

**- શુભ હોરા-**

૭-૨૯થી ૮-૨૩ સુધી, ૯-૧૬થી ૧૦-૧૦ સુધી, ૧૧-૫૮થી ૧૪-૪૦ સુધી, ૧૫-૩૯થી ૧૬-૨૮ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- પરોપકારની ભાવના પ્રબળ બનવાની ધાર્મિક કાર્યમાં સફળતા નોકરીમાં બદલીની શકયતા રહે.

» વૃષભ(બ.વ.ઉ.) :- ઈન્વેસ્ટમેનના પ્રશ્નોમાં સફળતા મલે કોર્ટ કેસના પ્રશ્નોમાં સમાધાનથી લાભ. આત્મવિશ્વાસ વધવાનો.

» મિથુન(ક.છ.ઘ.) :- કારકિર્દી યશસ્વી બનવાની નોકરીમાં કાર્યભાર રહે. મહેનતનું ફળ મલે. વિદેશના પ્રવાસની ઈચ્છા ફળવાની.

» કર્ક(ડ.હ.) :- તમારી અંગત જિંદગીની સમસ્યાની ચર્ચા પારકા સાથે કરવાથી જાળવજો. આત્મવિશ્વાસ વધારો. સફળતા મલશે.

» સિંહ(મ.ટ.) :- માન-સન્માન મેળવવા વધુ મહેનત કરવી પડશે. નવી ઓળખાણ બાબત તકેદારી રાખો. સમયનો વ્યય ન કરો.

» કન્યા(પ.ઠ.ણ.) :- મિત્રોનો સહકાર રહે. નોકરીમાં મનગમતી જગ્યા મલે. સંતાનોની પ્રગતિ માટે સારો દિવસ રહેશે.

» તુલા(ર.ત.) :- અચાનક મનગમતી વ્યકિતની મુલાકાત થવાની નોકરીમાં ચીવટ રાખવી રાજકીય લાભ મલવાનો.

» વૃશ્ચિક(ન.ય.) :- સરકારી કાર્યોમાં અનુકુળતા રહે. લાગણીઓને કાબુમાં રાખજો શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- સ્વાસ્થયમાં સુધારો થાય દિવસ ઉત્સાહજનક રહે. સંસ્થામાં સારો હોદ્દો મેળવશો.

» મકર(ખ.જ.) :- નોંધપાત્ર સફળતા મલવાની. રહેણાકના મકાનમાં લકઝરી ફેરફાર થવાના.

» કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારી ધંધાની ઈચ્છા ફળે. પરીવારના વડીલોનું માર્ગદર્શન લેજો. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.

» મીન(દ.ચ.ઝ.) :- લાંબા અંતરનો પ્રવાસ થાય, સંતાનો સાથે મહત્વની ચર્ચા થાય. શેર સટ્ટામાં અનુકુળતા.

# કૃષિ કાયદો : ભારતીય કૃષિ ઐતિહાસિક સુધાર, “એક રાષ્ટ્ર એક બજાર”



ડો. હેમાંગી ડી. મહેતા
ડો. હેમાંગી ડી. મહેતા અને ડી.એ.સરડવા - વિષય નિષ્ણાંત, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી – મોરબી

૨૪ સપ્ટેમ્બર , ૨૦૨૦નાં રોજ ભારતના રાષ્ટ્રપતિએ અધિનિયમને સમંતિ આપી. ભારત દેશએ કૃષિ પ્રધાન દેશ છે. આપણા દેશનાં ખેડુતો જેટલા સક્ષમ બનશે તેટલો દેશ આગળ આવશે. હાલનાં સમયમાં ત્રણ કૃષિ કાયદા લાગુ કરવામાં આવ્યા છે. આપણા દેશનાં વડાપ્રધાન શ્રી નરેંદ્ર મોદી સાહેબ ખેડૂતો સશક્ત બને તે માટે સતત ખેડુતો ના હિત માટે ની જુદી જુદી યોજનાઓ પણ અમલમાં લાવે છે. જેથી આપણા દેશ નો ખેડૂત પોતાનું જીવન ધોરણ ઉંચુ કરી શકે અને ખેતી માં નવીન ટેક્નોલોજી ના ઉપયોગ દ્વારા તેની આવક બમણી કરી શકે.

આ કાયદો ખેડુતોને આઝાદી આપે છે. ખેડુતોને ફાયદારૂપ છે. આટલા વર્ષોથી જે સુધારા થવાં જોઈતા હતા, ખેડુતોને હક્ક મળવો જોઈતો હતો તે હક્ક હવે ખેડુતોને મળ્યો છે.

જેથી દરેક ખેડુતોએ પહેલા કૃષિ કાયદો સમજવો જોઇએ. આજનાં સમયમાં ખેડુતોએ કોઇ ખોટી રીતે દોરવે તેમ દોરાવું ન જોઇએ. પહેલા કાયદો સમજીને નિર્ણય લેવો જોઇએ. આપણા કૃષિ મંત્રી નરેંદ્રસિંહ તોમરે પણ પત્ર લખ્યો હતો ખેડુતોને નામ એમાં તેમણે પણ ઉલ્લેખ કર્યો છે કે, આ કાયદાથી ખેડુત વધારે સશક્ત બનશે.

આપણા પુરૂષોત્તમ રૂપાલા સાહેબ પણ સરળ ભાષામાં કહે છે કે, આ તો ખેડુતોનાં હક્કમાં લીધેલો નિર્ણય છે. આ દરેક ખેડુત પરીવારે વધાવો જોઇએ.

જે સમજદાર ખેડુત છે તે આનો વિરોધ કરતો નથી, પણ જે ભોળા માણસો છે. તેમને ભોળવીને અફવાઓ ફેલાવીને કૃષિ કાયદાનાં વિરોધમાં લાવી દીધા છે. તો કોઇ ખેડૂત ભાઇઓ બહેનોએ આવા વિરોધમાં ખોટી અફવાઓ સાચી માનીને જોડાવું ન જોઇએ.

કૃષિ કાયદા -૨૦૨૦ પર ટૂંકમાં સમજ

૧ ) Farmers Produce Trade and Commerce (Production and Facilitation) Act, 2020

(ખેડુતો વેપાર અને વાણિજ્યનું ઉત્પાદન (ઉત્પાદન અને સુવિધા) અધિનિયમ, ૨૦૨૦)

● પસંદ કરેલા વિસ્તારોથી લઈને "ઉત્પાદનના કોઈપણ સ્થળે, સંગ્રહ, એકત્રીકરણ" સુધી ખેડુતોના ઉત્પાદનના વેપારના ક્ષેત્રનો વિસ્તાર થાય છે.

● ઈલેક્ટ્રોનિક વેપાર અને ખેડૂતોના પાક ના ઉત્પાદનના ઈ-કોમર્સને મંજૂરી આપે છે.

● રાજ્યની સરકારોને 'બહારના વેપાર ક્ષેત્રમાં' લેવામાં આવતા ખેડુતોના વેપાર માટે વેપારીઓ, વેપારીઓ અને ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગ પ્લેટફોર્મ પર કોઈ માર્કેટ ફી, સેસ અથવા વસૂલવા પર પ્રતિબંધ છે.

૨) Farmers (Empowerment and Protection) Agreement on Price Assurance and Farm Services Act, 2020

(ખેડુતો (સશક્તિકરણ અને સુરક્ષા) ભાવ ખાતરી અને ફાર્મ સેવાઓ અધિનિયમ, ૨૦૨૦)

● આ માં કાયદામાં ખેડુતોને ભાવોના ઉલ્લેખ સહિત ખરીદદારો સાથે પૂર્વ-ગોઠવણ કરાર કરવા માટે કાનૂની માળખું પ્રદાન કરે છે, વિવાદ નિવારણ પદ્ધતિને વ્યાખ્યાયિત કરે છે.

૩). Essential Commodities (Amendment) Act, 2020

(આવશ્યક કોમોડિટીઝ (સુધારા) અધિનિયમ, ૨૦૨૦)

● અનાજ, કઠોળ, બટાકા, ડુંગળી, ખાદ્ય તેલીબિયાં અને તેલો જેવી ખાદ્ય ચીજોને, જરૂરી ચીજવસ્તુઓની સૂચિમાંથી દૂર કરે છે, "અસાધારણ સંજોગો" સિવાય આ પ્રકારની ચીજો પર સ્ટોકહોલ્ડિંગ મર્યાદા દૂર કરે છે

● આવશ્યક છે કે કૃષિ પેદાશો પર કોઈ સ્ટોક મર્યાદા લાદવી તે ભાવ વધારા પર આધારિત છે.

ખેડુતોએ ધ્યાનમાં રાખવાની બાબતો :-

માર્કેટીંગ યાર્ડમાં MSP (Minimum Supprot Price) ટેકાનાં ભાવથી આપ હાલમાં જે રીતે રજીસ્ટ્રેશન કરાવીને અનાજ આપી શકો છો તે ક્યારેય બંધ થવાનું નથી પણ તમને એમ થાય કે સ્જીઁ કરતાં પણ તમારા અનાજનો ભાવ ખુલ્લા બજારમાં વધુ છે, તો તમે ડાયરેક્ટ તમારે જ્યાં વહેંચવું હોય ત્યાં વહેંચી શકો છો. તેમાં તમારે કોઈ ટેક્સ આપવાનો નથી

● હાલનાં સમયમાં તમે ઘરે બેઠા ઓનલાઇનપણ વહેંચી શકો છો.

● રાજ્ય ની અંદર અને રાજ્ય ની બહાર આંતર રાજ્ય વેપાર કરવાની પણ છુટ આપવામાં આવી છે.

● અત્યારે ખેડુત પાસે સારા , પ્રોસેસીંગ યુનિટ નથી, સારી ફુડ સ્ટોરેજ કેપેસીટી નથી, સારા કોલ્ડ સ્ટોરેજ નથી તે હવે શક્ય બનશે, જેથી ખેડુતો ને ખેત પેદાશ નો ભાવ વધુ મળશે, વચેટીયાઓનો નફો ઘટશે.

● તમારે બંજર જમીન હોય કાંઇ ઉત્પાદન ન આવતું હોય તો તમે તેમાં કોન્ટ્રાક્ટ ફર્મિંગથી તેમાં પ્રોસેસીંગ યુનિટ કે એવું કાંઇ પણ બનાવા આપી શકો છો. તો તમને તમારી જમીન ભાડા પેટે આપવા બદલ તમને તેનું ભાડું મળે છે. જે બંજર જમીનની કાંઇ આવક નતી આવતી તેમાંથી આવક મળી રહે છે.

● પિયત જમીન હોય તો કોન્ટ્રાક્ટ ફામર્લગ કરો તો નક્કી કરેલાં ભાવ મુજબ કોન્ટ્રાક્ટ રાખેલ પાર્ટીને ઉત્પાદન વધુ થાય નફો વધુ મળે તો તેમાંથી તમે નક્કી કરેલી રકમ કરતાં પણ વધારે રકમ ખેડુતને મળવા પાત્ર છે.

● કોન્ટ્રાક્ટ ફર્મિંગમાં આ ફક્ત એક ભાડા કરાર જ છે. જમીનનો માલિક ખેડુત છે અને રહેશે.

● કોન્ટ્રાક્ટ ફર્મિંગમાં ખેડુતને કોઇપણ સમયે બરાબર જો વ્યવહાર ન લાગે તો તે કોન્ટ્રાક્ટ રદ કરાવી શકે છે.

● કોઇ પણ વિવાદનાં સમાધાન માટે ખેડુત અદાલતમાં પણ જઇ શકશે.

● દરેક રાજ્યોને કૃષિ કરારો રજીસ્ટર કરવાનો અધિકાર છે.

● આ કાયદાથી કોઇ પણ વ્યક્તિ ખેડુતની જમીન પર કબજો કરી શકતો નથી કેમકે આ કાયદો ખેડુતની જમીનનાં કોઇ પણ પ્રકારનાં ટ્રાન્સફર , વેચાણ અને મોર્ગેજની મંજુરી આપતો નથી.

● કોન્ટ્રાક્ટ ફામર્લગમાં કોન્ટ્રાક્ટર ખેડુતોની જમીન પર કોઇ પણ પ્રકારનો સ્થાયી ફેરફાર કરી શકતાં નથી.

● ખેડુતોને તેના પાક ના વહેચાણ ના નિયત સમય મર્યાદામાં નાણકીય ચુકવણી પણ કરવી પડશે. વિલંબ થાય અને જો ખેડુત ફરીયાદ કરે તો સામેની પાર્ટી માટે દંડની જોગવાઇઓ પણ છે.

● આમ, આ નવું કૃષિ અધિનિયમ ૨૦૨૦ ખેડુતોનાં હિતમાં છે.

# ગુસ્સો : કરવાનો કે દબાવી રાખવાનો

હિન્દી ફિલ્મના ગીતકારો ભલે કહે કે ગુસ્સો જો આટલો હસીન છે તો પ્યાર કેવો હશે, પણ ગુસ્સો ક્યારેય મોહક હોતો નથી.

કશુંક અણગમતું થાય કે તરત પ્રથમ પ્રતિક્રિયા એ ન ગમતી ઘટનાના પ્રતિકારની આવે. આ પ્રતિકાર એટલે જ ગુસ્સો કે ક્રોધ. જિંદગીમાં એવા કેટલાય માણસો તમે જોયા હશે જેઓ વાતવાતમાં ગુસ્સે થઈ જતા હોય. એની સામે એવી પણ કેટલીય વ્યક્તિઓ જોઈ હશે જેમની પાસે ગુસ્સે થવાનાં સજ્જડ કારણો હોય છતાં તેઓ ઠંડે કલેજે અને પ્રસન્નચિત્તે બેસી રહે.

અત્રિ અને અનસૂયાના પુત્ર દુર્વાસા મુનિનો ક્રોધ પુરાણકથાઓ દ્વારા વિખ્યાત છે. દુર્વાસામાં શિવનો અંશ હતો એવું મનાય છે. દુર્વાસાના આશીર્વાદથી કુંતીની કૂખે સૂર્યપુત્ર કર્ણનો જન્મ થયો, પણ દુર્વાસાના ક્રોધથી ભલભલાં દેવીદેવતાઓ ધ્રૂજતા. બિચારી શકુંતલાએ દુર્વાસાને થોડી રાહ શું જોવડાવી, મુનિશ્રીએ ક્રોધમાં આવીને કહી દીધું કે અણીના સમયે દુષ્યંત તને ભૂલી જશે.

મહાભારતમાં એક કથા આવે છે. દુર્વાસા એક વખત શ્રીકૃષ્ણના મહેમાન હતા. જમણ બાદ મુનિના પગ પાસે પડેલો થોડો એંઠવાડ સાફ કરવા પ્રત્યે ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન ગયું નહીં. ભગવાનની આવી બેદરકારીથી દુર્વાસા ક્રોધે ભરાયા અને કૃષ્ણ તથા યાદવોના જીવનનો ભયંકર ખરાબ અંત આવશે એવો શ્રાપ આપ્યો. દુર્વાસાના ક્રોધથી પ્રગટેલા શ્રાપને કારણે યાદવાસ્થળી સર્જાઈ જેમાં સૌ યાદવોનો સંહાર થયો. કૃષ્ણ ભગવાનનો પારધીના તીરે દેહોત્સર્ગ થયો.

શાંત સ્વભાવના માણસો વાતવાતમાં ક્રોધે ભરાતા નથી. નાનીમોટી અનેક અન્યાયકારી બાબતોને તેઓ સહન કરી લેતા હોય છે, પણ એમનો રોષ ભભૂકે છે ત્યારે બધું જ ભસ્મીભૂત કરીને તેઓ જંપે છે. બ્રિટિશ કવિ-નાટ્યકાર જૉન ડ્રાયડને સાચું જ કહ્યું હતુંઃ બીવેર ધ ફ્યુરી ઑફ અ પેશન્ટ મૅન.

ગુસ્સો ખોટી રીતે વગોવાઈ ગયો છે. જાહેર જીવનમાં તેમ જ અંગત જીવનમાં એ માત્ર ઉપયોગી જ નથી, અનિવાર્ય પણ છે. ક્યાંક કશુંક ખોટું થતું હોય ત્યારે માણસને ગુસ્સો ન આવે તો માની લેવું કે એની માનસિકતા નાન્યતર જાતિની છે. અન્યાય થતો જોઈને લોહીનું ઊકળવું સ્વાભાવિક છે. ક્રાન્તિઓ આવા ગુસ્સામાંથી જ સર્જાતી હોય છે. ચૂપચાપ સહન કરી લેવાની વૃત્તિને સહનશીલતા કે ધીરજના ઉચ્ચ આસને બેસાડી શકાય નહીં. ‘એમાં મારા કેટલા ટકા’ વાળી ઍટિટ્યુડ દ્વારા પોતાની સામાજિક જવાબદારી ફંગોળી દેનારાઓ ગુસ્સાને વગોવે છે. આવા લાખો લોકોમાંથી જ્યારે કોઈ એક જણ ઊભો થઈને આક્રોશ વ્યક્ત કરતાં વિરોધના સૂરમાં કહે છે કે જે ખોટું થઈ રહ્યું છે તે હવે અટકવું જોઈએ ત્યારે એને ટપલાં મારીને બેસાડી દેવાની ચેષ્ટાઓ થાય છે. એની વિરુદ્ધ બેફામ આક્ષેપબાજીનું વાતાવરણ સર્જાય છે, એને બદનામ કરવા માટેનો પ્રચાર કરવાનું ષડ્યંત્ર રચાય છે. પોતાની માનસિક નિર્વીર્યતાને ખુલ્લી પડી જતાં જોઈ ન શકનારા લોકો ક્રોધ દ્વારા વ્યક્ત થઈ જતી કોઈકની ખુમારીને, મર્દાનગીને, એના શૌર્યને સહન કરી શકતા નથી. વસ્ત્રવિહીનોના નગરમાં નિર્વસ્ત્ર ન હોય એવી કોઈક વ્યક્તિ આવી ચડે ત્યારે એની શું હાલત થાય? સ્વાભાવિક છે કે સૌ નગરવાસીઓ સાથે મળીને એનાં કપડાં ઉતારી લેવાની જ કોશિશ કરવાના. વસ્ત્રધારી પરદેશી પોતાનાં કપડાં ઉતારવાની ના પાડે ત્યારે તટસ્થ ગણાતી વ્યક્તિઓ પણ ઘડીભર ડગમગી જવાની. **(ક્રમશઃ)**



અજય પરમાર
લેખક

# નાગપાડામાથી ૧,૨૨ કરોડની કિમતના ગુટકા સાથે બે જણની અટક





ચક્રવાત ટીમ, મુંબઈ,૩

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ૨૦૨૧ના નવા વર્ષના પ્રથમ દિવસે રાજ્યમા પ્રતિબંધ લગાડેલ ગુટકા અને પાન મસાલાનો જથ્થો પકડી પાડ્યો છે.ક્રાઈમ ઈન્ટેલિજન્સ યુનિટ (સીઆઈયુ)ના એપીઆઈ સચિન વજેની ટીમ દ્વારા નાગપાડા વિસ્તારના ભાત બજાર નારિયેળ ગલીમા ગેરકાયદેસર વેચાણ કરતા ગુટકાના વેપારીને ત્યાં રેઈડ પાડવામા આવી હતી. છાપા દરમિયાન પોલિઓસને તે સ્થળેથી ૧,૨૨,૨૬,૩૮૦/- રૂપિયાની કિમતના ગુટકા તેમજ પાન મસાલાના પેકેટો અને રોકડ ૧,૨૨,૦૦૦/-રૂપિયા મળી આવ્યા હતા. અનધિકૃતપણે વેચનાર સ્ટોકિસ્ટ તેમજ સપ્લાય કરનારાઓ વિરુધ્ધ નાગપાડા પોલિસ સ્ટેશનમા ગુનો નોંધવામા આવ્યો છે. આ પ્રકરણે બે જણની અટક કરવામા આવી છે. પકડાયેલા માલમા લાલ ગોવા,સફર,રજનીગંધા,સાગર,નજર ગુટકા અને કિંગ વિમલ,મિડિયમ વિમલ, રજનીગંધા ફ્લેવર,શુધ્ધ પ્લસ પાન મસાલાની બ્રાંન્ડના ગુટકા અને પાન મસાલાનો મોટો જથ્થો મળી આવ્યો હતો.બંને આરોપીઓને શિવડીની કોર્ટમા રજૂ કરતા ૪ જાન્યુઆરી સુધીની પોલિસ કસ્ટડી સોપી છે.આ કામગીરી એસીપી શશાંક સાંડભોર, ડિસીપી પ્રકાશ જાદવ, એડિ્શનલ સી.પી. વિરેશ પ્રભુ અને જોઈન્ટ સીપી ક્રાઈમ મિલિન્ડ ભારંભેના માર્ગદર્શન હેઠળ સીઆઈયુના અધિકારીઓ સચિન વજે, સતિશ રાઠોડ,નીતિન લાંડે, આતિશ લાહેકરે પાર પાડી હતી.

## મુંબઈ ઝુપડપટ્ટીમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ.....



કલ્યાણ કચોરે વિસ્તારની ઝૂપડપટ્ટીમાં ગેસ સિલિન્ડરમાં વિસ્ફોટ થતા બે ઘર ભસ્મીભૂત થઈ ગયા હતા. સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નહોતી.

# ગ્રામપંચાયતની ચૂંટણીમા શિવસેનાના ઉમેદવાર તેમજ શાખા પ્રમુખ પર ગોળીબાર




ચક્રવાત ટીમ, મુંબઈ ૩

ભિવંડી તાલુકાની કાલ્હેર ગ્રામપંચાયતની ચૂટણીના ઉમેદવાર શિવસેના શાખાપ્રમુખ દિપક મ્હાત્રે પર અજાણી વ્યક્તિ દ્વારા ગોલીબાર કરવામા આવ્યો હતો. નસિબજોગે થોડાકમા તેઓ બચી ગયા હતા. સમ્રગ ઘટના સીસીટીવીમા કેદ થયેલ છે.

દિપક મ્હાત્રે શનિવારે પત્ની સહિત પારિવારિક કામે થાણા ગયા હતા. થાણાથી ઘરે આવ્યા બાદ રાતના આશરે ૧૧.૪૫ વાગ્યાની આસપાસ તેઓ તેમના ઘર પાસે ગાડી પાર્ક કરી રહ્યા હતા, ત્યારે અચાનક એક બાઈક પર બે જણ આવ્યા હતા,તેમાથી એક જણે ત્રણ રાઉન્ડ ફાયરીંગ કર્યા હતા, દિપક મ્હાત્રે એ સમયસુચકતા વાપરતા ગોલીથી બચી ગયા હતા. ગોલીબાર થતા તેઓ પત્ની સહિત સુરક્ષિત જગ્યાએ જતા બંન્ને જણના જીવ બચી ગયા હતા. ગોલીબાર કરી બંન્ને અરોપીઓ બાઈક પર ફરાર થઈ ગયા હતા. આ ઘટના બાબતે નારપોલી પોલિસમા ગુનો દાખલ કરવામા આવ્યો છે.ગ્રામપંચાયતની ચૂંટણીમા દિપક મ્હાત્રે શિવસેનાના ઉમેદવાર છે.તેઓની સામે ભાજપનો હરિફ ઉમેદવાર છે.તે ગ્રામપંચાયતની ચૂંટણીના વિવાદે ગોલીબાર થયાનું ચર્ચાય રહ્યુ છે.

## રકતદાન કરનારને કોરોના વેક્સીન મફતમાં અપાશે




ઉત્તર ભારતીય સંઘના અધ્યક્ષ અને બીજેપી વિધાનસભ્ય આર એન સિંઘના જન્મદિવસે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ૮૮૬ લોકોએ રક્તદાન કર્યું હતું. આ તમામ લોકોને કોરોના વેક્સિન ફ્રી માં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# મોબાઈલના વિવાદે સાથીદારની હત્યા કરનાર આરોપીની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ,૩

કોલ કરવા માટે વોચમેનનુ કામ કરનાર આરોપીએ સાથીદાર પાસેથી મોબાઈલ લેતા તેઓ બંન્ને વચ્ચે થયેલા વિવાદે હત્યા કરી હતી,ભાયંદર પોલિસે આરોપીની અટક કરી છે.

મિરારોડ પશ્ર્િમમા આવેલ નાઝરેથ આગાર ખાડીના પૂલ પાસે ખાનગી વિકાસકે ફાટક લગાડી સિક્યુરીટી માટે ગાર્ડ બેસાડેલ છે.

ગુરુવારે રાત્રે ત્યા સિક્યુરીટી ગાર્ડ(વોચમેન) તરીકે કામ કરતા વિકાસ સિંહે તેનો સાથીદાર સમર આલમ પાસેથી મોબાઈલ કોલ કરવા લીધો હતો.મોબાઈલ પાછો આપવા માટે સમર તેમજ અન્ય મિત્ર કલેંદર પટેલ (૪૨) બંન્ને જણ વિકાસને કહ્યુ હતુ. ત્યાર બાદ પણ વિકાસે મોબાઈલ પાછો આપતા તેઓ વચ્ચે બોલાચાલી થઈ હતી, તે સમયે કલેંદર પૂલના બ્રીજ પરના કિનારે બેસેલ હતો.વિકાસે કલંદરને ધક્કો મારી પૂલ પરથી ખાડીમા ફેકયો હતો. કંલેદરને માથામા માર લાગતા મૃત્યુ થયુ હતુ.

# વર્ષનો પહેલો દિવસ બન્યો જીંદગીનો છેલ્લો દિવસ : રસ્તો ક્રોસ કરવા જતા બાઈકની અડફેટે આવતા તરૂણીનું મોત

ચક્રવાત ટીમ, મુંબઈ, ૩

નવા વર્ષના પહેલા દિવસે વસઈમાં એક ચોંકાવનારી ઘટના બની છે. ૧૮ વર્ષની એક યુવતીએ પોતાનો જીવ ગુમાવ્યો છે. રસ્તો ક્રોસ કરતી એક તરૂણીને એક મોટર સાયકલ બાઈકે ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં તરૂણીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં હંગામો થયો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અકસ્માત બાદ તરૂણી ગંભીર હાલતમાં ઘટના સ્થળ પર પડી ગઈ હતી. પરંતુ નજીકની હોસ્પિટલમાં તેણીને નજીકની હોસ્પીટલમા સારવાર માટે લઈ જતા મૃત જાહેર કરવામાં આવી હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલી યુવતીનું નામ અલ્ફિયા સૈયદ છે. તે ૧૨ મા ધોરણનો અભ્યાસ કરતી હતી અને ઘરમા મદદ થાય તે માટે નોકરી કરતી હતી. નવા વર્ષના પહેલા દિવસે સવારે ૧૦ વાગે વસઈના રેન્જ નાકા પાસે તે રસ્તો ક્રોસ કરતી હતી ત્યારે દુર્ઘટના સર્જાઈ હતી. રસ્તો ક્રોસ કરતી વખતે તેણીને એક મોટરસાઈકલ સવારે તેને અડફેટે લેતા ગંભીર રીતે ઘાયલ થઈ હતી. જોકે, સારવાર મળે તે પહેલાં જ તેનું મોત નીપજ્યું હતું. પોલીસે મોટર સાયકલની તપાસ હાથ ધરી હતી. અને મોટર સાયકલ સાથે આરોપીની અટક કરી છે. વાલિવ પોલીસે મૃતક યુવતીના પિતાની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.મૃતક તરૂણીના પિતાએ માહિતી આપતા જણાવ્યુ છે કે તેમની પુત્રી ત્યાં રેન્જ નાકા પાસે આવેલ ટ્રાવેલ એજન્સીમા નોકરી કરે છે.રોજની જેમ સવારે ૧૦ વાગે ઘરેથી ઓફિસ જવા નીકળી હતી. રેન્જ નાકા પાસે ક્રોસ કરતી વખતે બાઈક સવારે તેને ઉડાવતા મોત થયુ હતુ. દરમિયાન પોલીસે તરૂણીનો મૃતદેહ તાબામા લઈ પોસ્ટમોર્ટમ માટે નજીકની સ્થાનિક હોસ્પિટલમાં મોકલી આપ્યો છે. હકીકતમાં, તરૂણીની આવી અકાળ વિદાયથી સમગ્ર પરિવારમાં ભારે દુખ થયું છે. તેના મિત્રો અને પરિવારજનો પણ તેના નિધન પર શોક વ્યક્ત કરી રહ્યા છે.

# ઈડી સામે શિવસેના આક્રમક : પાંચ જાન્યુઆરીએ શક્તિ પ્રદર્શનની વકી

## સાંસદ સંજય રાઉતની પત્ની વર્ષા રાઉતની પાંચ જાન્યુઆરીએ ઇડી દ્વારા પૂછપરછ

ચક્રવાત ટીમ, મુબઈ, ૩

પ્રતાપ સરનાઈક બાદ શિવસેનાના સસદ સંજય રાઉતની પત્નીને પણ ઈડી તરફથી નોટિસ મળ્યા બાદ શિવસેના ખૂબ જ આક્રમક બની છે. શિવસેના ઈડી વિરુદ્ધ રસ્તા પર ઉતરવાની તૈયારી કરી રહી છે. સૂત્રોએ માહિતી આપી છે કે શિવસેનાની મોટી સંખ્યામાં મહિલા પદાધિકારીઓ તેમની શક્તિ પ્રદર્શન કરશે. સંસદ સંજય રાઉતની પત્ની વર્ષા રાઉતની ૫ જાન્યુઆરીએ હાજર થવા ઈડી દ્વારા સમન્સ મોકલ્યા બાદ હવે તે દિવસે પૂછપરછ કરવામાં આવશે.. તે દિવસે શિવસેના તરફથી શક્તી પ્રદર્શન કરવામા આવવાની સંભાવના હોવાનું. જાણવા મળ્યું છે કે શિવ સૈનિકો ૫ જાન્યુઆરીએ મુંબઇ, નવી મુંબઇ, થાણે, મીરા ભાઈંદર વિસ્તાર્માથી બસો અને ખાનગી વાહનો દ્વારા મુંબઇ પહોંચશે. શિવસેનાના નેતાઓને છેલ્લા કેટલાક દિવસોમાં ઈડી દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે અને હવે શિવસેનાએ ઈડી વિરુદ્ધ આક્રમક વલણ અપનાવ્યું છે.

# ઓર્કેસ્ટ્રા બાર-હુક્કા પાર્લર પર મિરા-ભાયંદર પોલિસનો છાપો

## બે ઓર્ક્રેસ્ટ્રા બારના ૨૮ જણ વિરૂધ્ધ કાર્યવાહી:હુક્કા પાર્લરમા કર્મચારી અને ગ્રાહક સહિત ૨૭ જણ પર કાર્યવાહી

ચક્રવાત ટીમ, મુંબઈ, ૩

કાશિમીરા પોલિસની હદમા આવેલ બે ઓકેસ્ટા બારમા ૨૮ જણ અને હુક્કા પાર્લર પર છાપો મારી પોલિસ દ્વારા સ્ટાફ તેમજ ગ્રાહકો સહિત ૨૭ જણ વિરુધ્ધ કાર્યવાહી કરવામા આવી છે.

કાશિમીરા પોલિસે ૩૧ ડિસેમ્બરના રોજ રાતના ૯.૧૫ વાગે 'બંપર બાર એન્ડ ઓર્કેસ્ટ્રા' બારમા છાપો માર્યો હતો ત્યારે તે બારના મહિલા વેઈટરો દ્વારા અશ્લિલ હરકતો કરી ગ્રાહકોને પ્રોત્સાહિત કરતા હોવાનુ જણાતા પોલિસે બાર મેનેજર,સ્ટુઅર્ટ તેમજ વેઈટર મળી છ જણ વિરુધ્ધ ગુનો નોંધ્યો છે. તેમજ કાશિમીરા પોલિસે ચેનાગાર્ડન હોટલમા અનધિકૃતપણે ચલાવવામા આવનાર હુક્કા પાર્લર પર ૨ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ છાપો મારી મેનેજર, તેમજ વેઈટર અને ગ્રાહકો સહિત ૨૭ જણ વિરુધ્ધ ગુનો નોંધવામા આવ્યો છે. મિરા-ભાયંદર ડિવિઝન ઝોન ૧ ના ડીસીપીની ટીમને મિરાગાંવમા આવેલ 'માનસી' ઓર્કેસ્ટ્રા બાર એન્ડ રેસ્ટોરંન્ટ"મહિલા વેઈટરો દ્વારા અશ્લિલ હરકતો વડે ગ્રાહકોને પ્રોત્સાહિત કરતા હોવાની માહિતી મળી હતી.તેઓએ 'માનસી ઓર્કેસ્ટ્રા બાર એન્ડ રેસ્ટોરંન્ટ'મા ૩૧/૧૨/૨૦૨૦ના રોજ રાતના ૮.૪૦ વાગે રેઈડ પાડી હતી, ત્યારે પાંચ મહિલા વીઈતરો અંગ પ્રદર્શન કરતી મળી આવીએ હતી. કાશિમીરા પોલિસમા સ્ટુઅર્ટ, બાર મેનેજર તેમજ અન્યો મળી ૨૨ આરોપી વિરુધ્ધ ગુનો નોંધીને કાર્યવાહી કરવામા આવી છે.

# દેશી પિસ્તોલ તથા કારતુસ સાથે તડીપાર આરોપીની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ, ૩

દહેશત ફેલાવવાનો પ્રયાસ કરવા બદલ તડીપર આરોપી વિરુધ્ધ દહિસર પોલીસે કાર્યવાહી કરી અટક કરી છે,આરોપી પાસેથી એક દેશી પિસ્તોલ તેમજ જીવંત કારતુસ મળી આવતા આર્મ્સ એકટ હેઠળ ગુનો નોંધ્યો છે. ૩૧ ડિસેમ્બરના રોજ મુંબઈ પોલિસ દ્વારા ઓલ આઉત ઓપરેશન ચાલુ હતુ.તે દરમિયાન દરેક વરિષ્ઠ અધિકારીઓ દ્વારા નાકાબંધી તેમજ કોમ્બીંગ ઓપરેશન ચાલુ હતુ.તે દરમિયાન દહિસર પોલિસ સ્ટેશનના પીઆઈ રોકડે તેમજ સ્ટાફને પેટ્રોલિંગ દરમિયાન માહિતી મળી હતી કે હનુમાન ટેકડી પાસે વિક્કી ઉર્ફ મકસુદ તડિપાર છે તે ખુલ્લેઆમ ફરે છે,અને બોરીવલી પૂર્વમા ગણેશ ચોક કાજુપાડા પાસે રાતના ૧૧.૩૦ આવવાનો છે.તેઓએ તે ઠેકાણે જાળ બિછાળીને રાખીને આરોપી વિક્કીને પકડતા શરૂઆતમા પોતાનું નામ બીજુ હોવાનું જણાવ્યુ હતુ,પરંતુ પોલિસ સ્ટાફ દ્વારા તેને ઓળખતા ઝડતી લેતા એક દેશી પિસ્તોલ અને એક જીવંત કારતુસ તેની પાસેથી મળી આવતા અટક કરી હતી.

# વિરારમાં ઘરની દિવાલ ધરાશાયી થતા ૭ વર્ષના બાળકનું મૃત્યુ : બે બાળકીઓ ઘાયલ

ચક્રવાત ટીમ, મુબઈ,૩

નવા વર્ષનો પ્રથમ દિવસ વિરાર પૂર્વમા ખાનિવડે ખાતે વાઘ પરિવાર માટે આઘાતજનક પૂરવાર થયો હતો.બાંધકામ ચાલુ હતુ તે ઘર પાસે રમતા બાળકો પર ભીંત તેઓના શરીર પડતા એકનું મૃત્યુ થયુ હતુ, જ્યારે બે છોકરીઓ ઘાયલ થઈ હતી. આ ઘટનામા ૭ વર્ષના સાહિલ વાઘનું મૃત્યુ થયુ હતુ. તેમજ અંકિતા અને નિધી નામની બંન્ને બહેનો ઘાયલ થતા તેઓને સારવાર માટે વિરારની હોસ્પીટલમા દાખલ કરવામા આવેલ છે. ખાનિવડેના હનુમાનનગર વિસ્તારમા લોકડાઉનને લઈને અધુરુ રહેલ ઘરના બાંધકામનું કામ ચાલુ હતુ. શુક્રવારે સાંજે તે સ્થળે બાળકો રમતા હતા, ત્યારે અચાનક ભીંત ધરાશાયી થઈ હતી.તે ભીંતનો કાટમાળ રમતા છોકરાઓ પર પડતા ત્રણેય બાળકો તેમા દબાય ગયા હતા.સ્થાનિક રહેવાશીઓને જાણ થતા તેઓ સહાય માટે તાત્કાલિક દોડી ગયા હતા. કાટમાળ હેઠળથી ત્રણેય જણને બહાર કાઢ્યા હતા. પરંતુ સાહિલને જોરદાર માર લાગતા ઘટના સ્થળે મૃત્યુ થયુ હતુ. ત્રણ વર્ષ પહેલા જ સાહિલના પિતાનુમ મૃત્યુ થયુ હતુ.તેની માતા ત્રણેય બાળકોનું પાલનપોષણ માટે મજૂરીનું કામ કરતી હતી. ઘટનાની નોંધ વિરાર પોલિસ સ્ટેશન હેઠળ આવેલ માંડવી ચોકીમા કરવામાં આવી છે.

# શું તમે day bet એપ્લિકેશન યુઝ તો નથી કરતા ને??




ચક્રવાત ટીમ બિવિક શાહ,તા.૩

ભારતનું યુવાધન કઈ દિશામાં જઈ રહ્યુ છે? ડીજીટલ ચોરી, ડીજીટલ લોકર વિશે જાણતા જ હશો? શું આપ જાણો છો ડીજીટલ લોટરી પણ આવી છે.આ એપ્લિકેશનનું નામ **day bet** છે.આ એપ્લિકેશન કોણ ચલાવે છે.ક્યાંથી ચાલે છે? તેની માહિતી નથી. આ એપ્લિકેશનમાં બેટિંગ રમાડાય છે.માત્ર ૧૦૦૦૦ જેટલી મામૂલી રકમથી મેમ્બર બની બેટિંગ કરી શકાય છે.બધુ જ સોફ્ટવેરથી સંચાલિત છે.જેમાં તમે કશો જ ફેરફાર કરી શકાતો નથી.આ એપ્લિકેશનમાં કમાવાની લાલચથી એકવાર ઘુસો પછી તમારુ બેંક એકાઉન્ટ ખાલી.આ લોટરી એપ છે.અને ઘણા લોકો ઘનવાન થવાની લાલસામાં નિર્ધન થઈ ગયા છે.આ એપ પ્લે સ્ટોરમાંથી **download** કરી શકાતી નથી.આની સાથે **win cheater** નામની એપ્લિકેશન **download** કરવાની હોય છે.આ એપ્લિકેશન લોકોને જુગાર રમવા તરફ લઈ જાય છે. નવી પેઢીએ આવી એપનો ત્યાગ કરવો જોઈએ.

# કફ સિરપમાં ડ્રગ્સ મિક્સ કરી વેચનાર આરોપીની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ,૩

મુંબઈ પોલીસની એનસીબીએ મોટી અને અલગ કાર્યવાહી કરી છે. ઉધરસ માટે વાપરવામા આવતો કફ સિરપમા ડ્રગ્સ મિક્સ કરી વેચવાના મામલે પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી છે. તેને કમાઠીપુરા વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી છે. તેની પાસેથી આશરે ૨૫ લાખ રૂપિયાની ડ્રગ્સ કબજે કરવામાં આવ્યુ છે.

મુંબઈ પોલીસના નાર્કોટિક્સ વિભાગના ઘાટકોપર યુનિટના વરિષ્ઠ પોલીસ ઈન્સ્પેક્ટર લતા સુતાર અને તેમની ટીમને બાતમી મળી હતી કે કફ સિરપની દવામા ડ્રૂગ ભેળવીને વેચવામાં આવી રહ્યુ છે. આ માહિતીના આધારે પોલીસે ગ્રાન્ટ રોડ પરના પિલા હાઉસ વિસ્તારમાંથી એક શખ્સની ધરપકડ કરી હતી, જે કફ સિરપની દવામા ડ્રૂગ ભેળવી વેચતો હતો. ધરપકડ કરાયેલ વ્યક્તિની ઓળખ આસિફ અબ્દુલ લકડિયા ઉર્ફે આસિફ ટકલયા તરીકે થઈ છે. તે ઠેકાણેથી ડ્રગ મિકસ કરેલ ૮૦ બોટલ સાથે મળી આવી હતી. પોલિસે કરેલ પુછપરછ બાદ મળેલી માહિતીને આધારે ત્રણ સ્થળે દરોડા પાડ્યા હતા.

પોલીસે ગ્રાન્ટ રોડ ઉપર આવેલા ઓરિએન્ટ શોપિંગ કોમ્પ્લેક્સમાંથી ૨૫ બોકસવાળી ૧૦ ગુણીઓ કબજે કરી છે. દરમિયાન પાયધુની, ધોબી ઘાટમાંથી ૩૪ બોક્સવાળી ૧૨ ગુણીઓ કબજે કરી હતી. આવા ૩૪ બોક્સમાંથી કુલ ૭,૧૨૦ બોટલ કબજે કરવામાં આવી છે. બોટલમાં ડ્રગ કોરેન ફોસ્ફેટ ડ્રગ્સ હતું. તેની કિંમત આશરે ૨૫ લાખ રૂપિયા છે.

# સુરેન્દ્રનગરના અપહરણ થયેલ યુવાનો હેમ ખેમ પરત પહોંચાડવામાં આવ્યા

ચક્રવાત ટીમ પુનાભાઈ વકાતર,તા.૩

સુરેન્દ્રનગરમાં બે ખોજા યુવકનાં અપહરણનો મામલો સામે આવ્યો છે. અમદાવાદ ક્રાઈમબ્રાંચે અપહરણનો પર્દાફાશ કર્યો હતો. અપહરણના આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. સમગ્ર ઘટનામાં વેપારી આઝાદભાઈનો સાળો સિંકદર માસ્ટર માઈન્ડ નીકળ્યો છે. માસ્ટરમાઈન્ડ સિંકદર સાથે બીજા ચાર લોકોની સંડોવણી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ચોંકાવનારી બાબત તો એ છે કે માસ્ટર માઈન્ડ સિકંદર પણ ખુદ પોલીસ તપાસમાં જોડાયો હતો. મોટી રકમનો તોડ કરવા માટે બંને યુવકનાં અપહરણનો રચ્યો કારસો રચવામાં આવ્યો હતો. અપર્હત બંને ખોજા યુવકોનો પોલીસે છુટકારો કરાવતા પરિવારજનોમાં હર્ષની લાગણી.

# વાંકાનેરમાં કાર રિવર્સમાં લેતી વખતે હડફેટે આવી જતા શેરીમાં રમતા બાળકને ગંભીર ઈજા

ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૩

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાના ખીજડીયા ગામ ખાતે રહેતા ઈમ્તીયાજભાઈ વલીમામદ ચૌધરી (ઉ.વ. ૨૭)નો અઢી વર્ષનો પુત્ર તેમના ઘરના ફળીયાની બહાર શેરીમાં રમતો હોય ત્યારે આરોપી તેહાન વલીમાદ ચૌધરી પોતાના હવાલાની કીયા સેલટોસ કાર નં. જીજે ૩૬ ઈ ૩૦૭૨ ગફલત તેમજ બેદરકારીથી રિવર્સમાં ચલાવતા ઘરના ફળીયાની બહાર શેરીમાં રમતા માસૂમ બાળકને હડફેટે લેતા બાળકને ગંભીર ઈજા પહોંચી હતી. ગત નવેમ્બર મહિનામાં બનેલ આ અકસ્માતનાં બનાવની ગઈકાલે વાંકાનેર તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બનાવની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ક્રૂડ પામતેલમાં વાયદાના ભાવમાં સુધારો : કપાસમાં વૃદ્ધિ



ચક્રવાત ટીમ, મુંબઈ, ૦૩

સોના-ચાંદીના વાયદાના ભાવ સીમિત રેન્જમાં વધ્યાઃ ક્રૂડ તેલ, નેચરલ ગેસમાં નોમિનલ ફેરફારઃ રબરમાં નરમાઈનો માહોલ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર શુક્રવારે સાંજે પાંચ વાગ્યા સુધીના ટ્રેડમાં કીમતી ધાતુઓમમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સીમિત રેન્જમાં વધારો થયો હતો. બિનલોહ ધાતુઓમાં એકંદરે વૃદ્ધિ થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસમાં નોમિનલ ફેરફાર થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલ (સીપીઓ) વાયદાના ભાવમાં સુધારાનો સંચાર થયો હતો. કોટનમાં સેંકડા વધ્યા હતા. કપાસમાં પણ વૃદ્ધિ વાયદાના ભાવમાં રહી હતી, જ્યારે રબરમાં નરમાઈનો માહોલ હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૧૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૦૨૮૦ અને નીચામાં રૂ.૫૦૧૨૮ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૪ વધીને રૂ.૫૦૨૩૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૩ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૪૦૩૨૧ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૫૦૨૭ થયા હતા, જ્યારે સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૭ વધીને બંધમાં રૂ.૫૦,૧૭૮ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૮૨૫૪ ખૂલી, ઊપરમાં રૂ.૬૮૨૭૫ અને નીચામાં રૂ.૬૭,૮૬૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫ વધીને રૂ.૬૮૧૨૦ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૩૨ ઘટીને રૂ.૬૮૦૪૭ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૨૬ ઘટીને રૂ.૬૮૦૬૦ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૫૩૩ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૫૯ અને નીચામાં રૂ.૩૫૧૧ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩ વધીને રૂ.૩૫૨૭ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૦૭૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૭૮૦ અને નીચામાં રૂ.૨૦૫૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪૦ વધીને રૂ.૨૦૭૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૭૭ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧.૬ વધીને બંધમાં રૂ.૯૭૯.૪૦ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૦.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૦૪.૫૦ અને નીચામાં રૂ.૯૯૨.૩૦ રહી, અંતે રૂ.૯૯૮.૧૦ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૧૯૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૯૭ અને નીચામાં રૂ.૧૧૮૯.૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭ વધીને રૂ.૧૧૯૭ ના સ્તરે બંધ રહ્યો હતો. રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૩૮૦ના ભાવે ખૂલી, ઊપરમાં રૂ.૧૫,૩૮૦ અને નીચામાં રૂ.૧૫,૨૦૦ના મથાળે અથડાઈ અંતે રૂ.૧૬૪ના ભાવઘટાડા સાથે રૂ.૧૫,૨૦૦ના ભાવે બંધ થયો હતો.

# રામેશ્વર સહકારી મંડળીના મેનેજર અને વાઈસ ચેરમેનના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર



ચક્રવાત ટીમ, તા.૦૩

કોઠારિયા રોડ પરના દેવપરામાં રહેતા અને મેડિકલ સ્ટોરના સંચાલક સંજયભાઈ જયંતીભાઈ સોજીત્રાએ ગુરૂવારે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવામાં આવી હતી કે જેમાં આરોપી તરીકે કાંતા વિકાસગૃહ રોડ પર શ્રીમદ ભવનમાં આવેલી રામેશ્વર શરાફી સહકારી મંડળીના ચેરમેન સંજય હંસરાજ દુધાગરા, વાઈસ ચેરમેન ગોપાલ રૈયાણી અને મેનેજર વિપુલ રતિ વસોયાના નામ આપવામાં આવ્યા હતા. સંજયભાઈ સોજીત્રાએ ફરિયાદમાં જણાવવામાં આવ્યુ હતું કે,તેમણે તેમજ તેમના પરિવારના સભ્યોએ રામેશ્વર શરાફી સહકારી મંડળીમાં રોકાણ કર્યુ હતું અને પાકતી મુદતે પણ રકમ ઉપાડવાને બદલે વધુ રકમ સાથે રોકાણ કર્યુ હતુ પરંતુ ૨૦૨૦માં પાકતી મુદતે રકમ ઉપાડવા ગયા ત્યારે મંડળીના ચેરમેન સંજય દુધાગરાએ રકમ આપવામાં ગલ્લાતલ્લા કરવા લાગ્યા હતા અને બાદમાં મંડળીને તાળા મારી રવાના થઈ ગયા હતા. શરાફી મંડળીના સંચાલકોએ મંડળીના ૪૨૦૦ રોકાણકારોની ૬૦ કરોડની મૂડી હજમ કરી જઈ છેતરપિંડી આચરવામાં આવી હતી. સંજય દૂધાગરાએ અવનવા સ્વપ્ન બતાવી તેના સગા સંબંધીઓ પાસે પણ મંડળીમાં લાખો રૂપિયાનું રોકાણ કરાવ્યાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. પોલીસે ગુનો નોંધાતા જ ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ ઝાલા સહિતની ટીમો હરકતમાં આવી ગઈ હતી. પોલીસે મંડળીના વાઈસ ચેરમેન ગોપાલ રૈયાણી અને મેનેજર વિપુલ રતિ વસોયાને ઉઠાવી લઈ પૂછપરછ શરૂ કરવામાં હતી. મંડળીનો ચેરમેન સંજય દુધાગરા કાલાવડ પંથકમાં હોવાની પોલીસને માહિતી મળતાં પોલીસની એક ટીમ કાલાવડ તરફ દોડી ગઈ હતી.

# સાળંગપુર ધામ શ્રી કષ્ટભજનદેવને ૧૦૮ થી વધારે દિવ્ય શાસ્ત્રનો શ્રૃંગાર



ચક્રવાત ટીમ રાજેશ શાહ, તા.૦૩

જગવિખ્યાત શ્રી કષ્ટ ભંજન દેવ હનુમાનજી મંદિર સાળંગપુર ખાતે પવિત્ર ધનૂર્માસ નિમિતે શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી તથા કોઠારી સ્વામી શ્રી વિવેકસાગરદાસજી (અથાણા વાળા) ના માર્ગદર્શન થી તા.૨/૧/૨૦૨૧ ને શનિવાર ના શુભ દિને સત્ શાસ્ત્ર શણગાર અંતર્ગત સવારે ૦૭.૦૦ કલાકે દાદાની ભવ્ય આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ. સત્ શાસ્ત્ર શણગાર અંતર્ગત ૧૮ પુરાણ,૧૦૮ શાસ્ત્ર,૪ વેદ,૧૦ ઉપનિષદ, એવમ આયુર્વેદ શાસ્ત્ર વગેરે ધરાવવામાં આવેલ તેમજ શ્રી કષ્ટ ભંજન દેવને વિશેષ શણગાર કરવામાં આવેલ જેમાં હરી ભક્તોએ દર્શનનો લાભ લીધેલ. આપણા શાસ્ત્ર હિન્દુ સનાતન સંસ્કૃતિની આધાર શિલા છે. હિન્દુ વૈદિક શાસ્ત્ર જ આપણી જીવન શેલી છે. અને આ જ શાસ્ત્રના આધારે આપણું જીવન શાંતિ મય એવમ સુખ મય બની શકે છે. આવો શાસ્ત્રમાં કહેલ જે પણ છે તેને ગ્રહણ કરીએ અને આપણું જીવન દિવ્ય અને ભવ્ય બનાવીએ.

# સુઈગામ U.G.V.C.Lની ગાડી સુઈગામ પોલીસે ડિટેઈન કરતાં ચકચાર



ચક્રવાત ટીમ, તા.૦૩

સુઈગામ U.G.V.C.L માં કોન્ટ્રાકટ બેજથી બાંધેલ ગાડીમાં શુક્રવાર સાંજે મદદનીશ એન્જીનીયર અને વીજ સ્ટાફ સુઈગામ તરફ આવી રહ્યા હતા.ત્યારે લીંબુણી ત્રણ રસ્તા પાસે ઉભેલ સુઈગામ પોલીસે ગાડી રોકાવી કાગળો માંગેલ, ઉપરાંત સીટ બેલ્ટ બાંધેલ ન હોઈ મેમો ફાડી સરકારી ગાડીને ડિટેઈન કરતાં ચકચાર મચી જવા પામી છે, સુઈગામ U.G.V.C.Lના જુ.એન્જીનીયર અને વિદ્યુત બોર્ડ સ્ટાફ કામગીરી પતાવી સાંજે સુઈગામ તરફ પરત ફરી રહ્યા હતા,ત્યારે લીંબૂણી ત્રણ રસ્તા પર ઉભેલ સુઈગામ પોલીસ દ્વારા ગાડી રોકાવી ગાડીના કાગળો માગેલ, અને દ્રાયવરે સીટ બેલ્ટ બાંધેલ ન હોઈ પોલીસે ગાડી નં.GJ ૦૮ છેં ૦૫૮૮ ના ડ્રાયવર ને મેમો આપી ગાડી ડિટેઈન કરવાનું કહેલ, જોકે ડ્રાયવરે ગાડીમાં વિદ્યુત બોર્ડના અધિકારી અને સ્ટાફ બેઠેલ હોઈ ઓફિસે થી ગાડી આપવાનું જણાવેલ, બાદ G.E.B ની ઓફિસેથી શુક્રવાર સાંજે પોલીસે ગાડી ડિટેઈન કરી પોલીસ સ્ટેશને લઈ જવાઈ હતી.આ અંગે મળેલ માહિતી મુજબ સુઈગામ પોલિસ સ્ટેશન પાછળ પોલીસ ક્વાર્ટરમાં બિન અધિકૃત વીજ જોડાણ ને થોડા સમય અગાઉ સુઈગામ વિદ્યુત બોર્ડ દ્વારા કાપી નાખેલ જેની કિન્નાખોરી રાખી સુઈગામ પોલીસ દ્વારા U.G.V.C.L ની સરકારી કામની ગાડી ડિટેઈન કરાઈ હોવાનું આંતરિક સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું, પોલીસ પોતાની મનમાની ચલાવવા માટે આમ સરકારી ગાડીઓ પણ ડિટેઈન કરે તો અન્ય સામાન્ય લોકો પ્રત્યે પોલીસનું વલણ કેવું હશે,તે આ બાબત પરથી ફલિત થાય છે.

# ગણોદ ગામે રાશન વિતરણની કામગીરીમાં ગેરરીતિ થતી હોવાની ફરીયાદો

## લાભાર્થી પોતાનું રાશન લઈ જ નથી ગયા તો જથ્થો કોણ અને કેવી રીતે લઈ ગયું ?



ચક્રવાત ટીમ કાનભાઈ સુવા /ઈમરાનભાઈ, તા.૦૩

ઉપલેટા તાલુકાના ગણોદ ગામમાં રહેતા અને ખેતી તેમજ મજૂરી કરી અને પોતાનું ગુજરાત ચલાવતા ગરીબ અને સામાન્ય વર્ગના લોકોને મળતું અનાજ જાણે દુકાનદાર બારોબાર વહેંચી નાંખતો હોય અથવા તો ચાવ કરી જતો હોય તેમ રાશનના લાભાર્થીઓ સુધી પહોંચતું નથી તેવું સામે આવ્યું છે. ગણોદ ગામમાં છેલ્લા ઘણા સમયથી ગરીબ લોકોને તેમજ સરકાર દ્વારા અપાતા રાશનમાં ગેરરીતિ થઈ રહી હોય તેવું સામે આવ્યું છે કારણકે અહીંયા જે લાભાર્થીઓ છે જેમને સરકારમાંથી રાશન મળે છે તે રાશન તેમની ફિંગર વગર કેમ ઉપડી જાય છે તે પણ એક મોટો સવાલ થઈ રહ્યો છે. સરકાર દ્વારા કોઈ ગેરરીતિ ન થાય તે માટે લાભાર્થીઓના ફિંગરપ્રીન્ટ લીધા બાદ જ રાશન આપવામાં આવે છે પરંતુ અહીયા ગણોદ ગામમાં લાભાર્થીના ફિંગર પણ નથી લીધા કે નથી લાભાર્થી કોઈ રાશન લેવા માટે ગયા છતાં આ લાભાર્થીઓના રાશન વિતરણ થઈ ગયું છે. લાભાર્થીઓ જ્યારે તેમનું રાશન લેવા જાય છે ત્યારે દુકાનદાર દ્વારા એવું જણાવાઈ છે કે માલ નથી આવ્યો. જ્યારે લાભાર્થીઓ ફરી પોતાનો માલનો જથ્થો લેવા જાય છે ત્યારે દુકાન જ બંધ હોય છે. ઘણા લાભાર્થી પોતાનું રાશન લઈ જ નથી ગયા છતાં તેમને રાશન મળી ગયું છે તેવું પણ જણાવાઈ છે. અહીંયા એક મોટો સવાલ એ ઉઠી રહ્યો છે કે જ્યારે લાભાર્થી પોતાનું રાશન લઈ જ નથી ગયા તો તેમને મળતો જથ્થો કોણ અને કેવી રીતે લઈ ગયું ? આવી ગેરરીતિને લઈને સમગ્ર ગ્રામજનોમાં ભારે રોષ અને અનેકો પ્રકારની રાવો પણ ઉઠી છે ત્યારે જોવાનું એ રહ્યું કે આવા કૌભાંડ આચરનારા વિરુદ્ધ તપાસ થશે કે કેમ ? ગ્રામજનો દ્વારા જણાવાઈ રહ્યું છે કે જો આ સસ્તા અનાજના દુકાન ધારકની અધિકારીઓ દ્વારા પૂરતી અને યોગ્ય તપાસ કરવામાં આવે તો અહીંયા મસ મોટું કૌભાંડ ચાલતું હોય તેવું સામે આવી શકે છે.

# ઊના એસ ટી બસ ડેપોના વર્કશોપનું ઈલોકાર્પણ તેમજ તુલસીશ્યામ બસ સ્ટેશનનું ખાતમુહૂર્ત




ચક્રવાત ટીમ ઊના, તા.૦૩

ઊના એસ ટી બસ ડેપોના વર્કશોપનું ઈલોકાર્પણ તેમજ તુલસીશ્યામ બસ સ્ટેશનનુ ખાર્તમુહુર્ત કરવામાં આવેલ હતું. આ તકે ગીરસોમનાથ સાંસદ રાજેશભાઈ ચુડાસમા, પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ રૈયાબેન જાલોંધરા, પૂર્વ ધારાસભ્ય કે.સી.રાઠોડ, જીલ્લા ભાજપ પ્રમુખ માનશીભાઈ પરમાર, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ વિરાભાઈઈ સોલંકી, તાલુકા ભાજપ પ્રમુખ સામતભાઈ ચારણીયા, પ્રાંત અધિકારી જે આર રાવલ સહીત ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ એમ.જી. હોસ્ટેલ ખાતે ભીમા કોરેગાંવ શૌર્યદિવસની ઉજવણી કરાઈ



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૩

રાજકોટ શહેરના કાલાવડ રોડ પર આવેલ એમ.જી. હોસ્ટેલ ખાતે ડો. બી. આર. આંબેડકર સામાજિક અને શૈક્ષણિક યુવા સંગઠન દ્વારા ભીમા કોરેગાંવ શોર્યદિવસ દિવસ નિમિત્તે ર્ડો.બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમાને ફુલહાર કરી સલામી આપવામાં આવી હતી અને આ કાર્યક્રમમાં ભરતભાઈ સોસા (ભૂરાભાઈ), જયમીનભાઈ પરમાર, સંજયભાઈ દાફડાદ્દ, નયનભાઈ વેગડા, ચક્રવાત ન્યૂઝ પ્રેસ રિપોર્ટર જાદવ વિજય, મયુરભાઈ સોલંકી સહિતના હોસ્ટેલના વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોકડવા પીજીવીસીએલ કચેરીમાં ખુરશી ખાલી અને વિજઉપકરણો ચાલુ



ચક્રવાત ટીમ ઊના, તા.૦૨

ગીરગઢડા તાલુકા હેઠળ ધોકડવા પીજીવીસીએલ ડિવીઝન કચેરીમાં બપોરના દોઢ થી બે વાગ્યા સમય દરમ્યાન અધિકારીઓની ચેમ્બરમાં વિજ ઉપકરણો ચાલુ જોવા મળેલ જેમાં લાઈટ, પંખા તેમજ કોમ્પ્યુટરો ચાલુ હાલતમાં જોવા મળી રહ્યા છે. એક તરફ સરકાર વિજળી બચાવવાની વાત કરી રહી છે. તો બીજી તરફ ધોકડવા પીજીવીસીએલ કચેરીના અધિકારીઓ પોતાની મનમાની રીતે વિજ ઉપકરણો ચાલુ રાખી ચાલ્યા જતાં બેદરકારી સામે આવી હતી. અને આ બાબતે અનેક સવાલો ઉઠવા પામેલ છે. ત્યારે કચેરીની ઓફીસમાં ખુરશી ખાલી અને લાઈટ, પંખા અને કોમ્પ્યુટર ચાલુ જોવા મળતા આવી બેદરકારી દાખવનાર સામે કાર્યવાહી થવી જરૂરી.

# ઊના કોંગ્રેસમાં ભંગાણ ૨૦૦ કાર્યકરો ભાજપમાં ભળ્યા



ચક્રવાત ટીમ ઊના, તા.૦૩

ઊના શહેરમાં રાઠોડ અને બાંભણીયા પરીવાર વચ્ચે વર્ષોથી ચાલતો વિવાદનો સુઃખદ અંત લાવી ૨૦૦ થી વધુ જેટલા કાર્યકરોએ સાંસદ સભ્ય રાજેશભાઈ ચુડાસમાની ઉપસ્થિતીમાં સમાધાનન કરી બાંભણીયા પરીવારના મધુવન ગ્રૃપ ભાજપમાં ભળી કેસરીયો ખેસ પહેર્યો હતો. થોડા સમય પહેલા ઉના નગર પાલીકાના પ્રમુખ કે સી રાઠોડ અને મધુવન ગ્રૃપના કોંગ્રસના યોગેશભાઈ બાંભણીયા અને સંજયભાઈ બાંભણીયા વચ્ચે મનદુખ ચાલતુ હોય તેનુ સમાધાન કોળી સમાજના યુવા સાંસદ રાજેશભાઈ ચુડાસમા તથા ગીરસોમનાથ જીલ્લાના પ્રમુખ માનસિંહ પરમાર, તાલાલા નગરપાલીકાના પૂર્વ પ્રમુખ, લોહાણા સમાજના અગ્રણી અમિત ઉનડકટ, રધુવંશી સમાજના આગેવાન કૈશિક સુબાનના પ્રયાસોથી કે સી રાઠોડ પરીવારે તથા બાંભણીયા પરીવારનું સુઃખદ સમાધાન થયુ હતુ. ઉનામાં કોંગ્રેસના આગેવાનો ભાજપમાં ભળી જતાં કોંગ્રેસના ગઢમાં મોટુ ગાબડુ પડેલ હતું. આ સમાધાનથી ઉના શહેરના વેપારીઓ તથા કોળી સમાજમાં હર્ષની લાગણી જોવા મળી છે.

# અતુલ ચોકસેએ નડાબેટથી પંજાબ ૧૩૦૦ કી.મી. દોડનો પ્રારંભ કર્યો

ચક્રવાત ટીમ, તા.૦૩

આંતરરાષ્ટ્રીય અલ્ટ્રા મેરેથોન રનર અતુલકુમાર ચોકસે દ્વારા સુઈગામના નડાબેટ ખાતેથી પંજાબ (ભટીન્ડા) ૧૩૦૦ કી. મી. સુધીના રણમાં દોડનો વલ્ડરેકોર્ડ પ્રસ્થાપિત કરવા માટે ૩૧ ડિસેમ્બરથી પ્રારંભ કર્યો છે, નાગપુર મહારાષ્ટ્રના વતની અતુલકુમાર ચોકસે અત્યાર સુધી ૩૫ ઈન્ટરનેશનલ એવોર્ડ અને ૭૦ રાષ્ટ્રીય એવોર્ડ મેળવી ચુક્યા છે, પોતે નાગપુરમાં કોમ્પ્યુટર કલાસ ચલાવે છે, પોતાની પત્નીએ રૂઢિવાદી માનસિકતાને લીધે આત્મહત્યા કર્યા બાદ, તેઓએ માનસિક હતાશા (ડિપ્રેશન)નો ભોગ બની વ્યસનો અને આત્મહત્યાના વિચારો કરતાં લોકોને કાઉન્સેલિંગ કરી તેમનામાં જનજાગૃતિ ફેલાય અને જીવનનો રાહ ચીંધી તેમની અમૂલ્ય જિંદગીનું મહત્વ સમજાવવાના ઉદ્દેશો સાથે તેઓએ આ અભિયાન આદર્યું હોવાનું જણાવ્યું હતું, કચ્છના રણ નડાબેટ થી પંજાબના ભટીન્ડા સુધી લગભગ



૧૩૦૦ કી.મી.સુધી ACROSS THE THAR DESERT ON FOOT ના વિઝન સાથે તેમણે નડાબેટ થી ૩૧ ડિસેમ્બરે ૧૨૦ કી.ગ્રા વજનની બે પૈડાની ટ્રોલી સાથે દોડ આદરી છે, જે ૨૬ જાન્યુઆરી એ ૨૭ દિવસે પૂર્ણ થશે,તેઓ આની સાથે ફકીર કી દુનિયા નામની ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ બનાવી રહ્યા છે,નડાબેટ થી વચ્ચે આવતા ગામોના લોકોના જીવન રહેણીકરણી નો પણ અભ્યાસ કરી રહ્યા છે, તેઓ લોકોની અંધશ્રદ્ધા દૂર કરવા માટે વચ્ચે આવતા ભૂતિયા જગ્યાઓ પર પણ રિસર્ચ કરશે, પ્રવાસ દરમ્યાન સાથે રાખેલ ટ્રોલીમાં સોલાર પેનલ,બેટરી, સ્લીપિંગ બેગ, ટેન્ટ, ખાવા પીવાનો સામાન, મેડિકલ ની દવાઓ સહિતનો લગભગ ૧૨૦ કીલો વજન સાથે વલ્ડરેકોર્ડ બનાવવા જઈ રહ્યા છે,તેમનું અભિયાનની નોંધ વલ્ડરેકોર્ડ, એશિયા બુક ઓફ રેકોર્ડ, ઈન્ડિયન બુક ઓફ રેકોર્ડ, અને લિમ્કા બુક ઓફ રેકોર્ડ લઈ રહ્યું હોવાનું જણાવ્યું હતું, તેમની આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સિદ્ધિઓની ભારત સરકાર દ્વારા હજુ નોંધ લેવાઈ નથી.તેમણે જણાવ્યું કે મહારાષ્ટ્ર,મધ્યપ્રદેશ સરકારે કોઈ મદદ કરી નથી. તેમણે ગુજરાત અને રાજસ્થાન ટુરિઝમ પાસે પણ મદદ માંગી હોવાનું જણાવ્યું હતું.

# ઊનાના સનખડા-મોઠા રોડ અધુરો છોડી દેતા પ્રજા હેરાન પરેશાન



ચક્રવાત ટીમ ઊના, તા.૦૩

ઊનાના સનખડા થી મોઠા ગામને જતો મુખ્ય રસ્તો બિસ્માર હાલતમાં હોવાથી લોકોની રજુઆત બાદ તંત્ર દ્વારા રસ્તાને નવિનીકરણ કરી ડામરથી મઢી નાખવામાં આવ્યો છે. આ રોડ બન્ને ગામોને જોડતો હોવાથી આજુબાજુના ગામના લોકો અને ખેડૂતોને પણ મુશ્કેલી દૂર થઈ છે. પરંતુ આ રસ્તાની કામગીરી તંત્ર દ્વારા રસ્તો ખેડૂતોના વિવાદોના કારણે અધુરો છોડી મુકી ચાલ્યા જતાં એક કિલો.મી. સુધીનો રસ્તો જર્જરીત હાલતમાં હોવાના કારણે લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. જોકે ચોમાસા દરમ્યાન વરસાદના પાણી ભરાવાથી વધુ મુશ્કેલી સહન કરવાનો વારો આવે છે. જોકે આ રસ્તોની બન્ને સાઈડ આવેલ ખેતીની જમીન ધરાવતા ખેડૂતોના વિવાદના કારણે આ રસ્તો અધુરો છોડી મુકાયેલ હોવાનું જાણવા મળેલ હોય પરંતુ આ વિવાદના લીધે બન્ને ગામ લોકો તેમજ અન્ય ખેડૂતોને અવર જવર માટે ભારે મુશ્કેલીનો સામો કરવો પડી રહ્યો છે. આ બાબતે તંત્ર દ્વારા તાત્કાલીક આ રસ્તાને પૂર્ણ કરી લોકોની સમસ્યાને દૂર કરવા ગ્રામજનોની માંગણી ઉઠવા પામેલ છે.

# કોડીનારના ડિઝીટલ વિલેઝ વિઠલપુરમાં દીપડાએ યુવાનને મોતને ઘાટ ઉતાર્યો



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૩

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ડિઝીટલ વિલેઝ વિઠલપુર માં દીપડા એ યુવાનને મોતને ઘાટ ઉતાર્યો. ગામના આશરે ૨૭ વર્ષેના યુવાન અજીતભાઈ હીરાભાઈ ભેડા સૂત્રો દ્વારા જાણવા મળતી હકીકત મુજબ રાત્રીના ૯ વાગ્યાના સુમારે વાડીએ જતા અજીતભાઈને કાળ આંબી ગયો હતો. છેલ્લા એકાદ માસથી ગીર સોમનાથ જિલ્લામાં જંગલી જાનવરોના ત્રાસ તેમજ માનવ હુમલાઓ ના બનાવો સતત દિન પ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે આ ઘટનાથી વિઠલપૂર ગામમાં ઘેરા શોકની લાગણી જોવા મળી હતી. ગામના આશાસ્પદ યુવાનનું અપમૃત્યુ એ ખરેખર ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ને જાગી જવું જોઈએ તેમજ આવા માનવભક્ષી જંગલી જાનવરોને પાંજરે પૂરી દેવા જોઈએ તેવી રજૂઆત ગામના લોકો દ્વારા કરવામાં આવી હતી.

# દિગંત દવેની વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાના સેક્રેટરી તરીકે નિમણુક



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૩

વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાના અધિકારી દિગંત દવે જેમને નગરપાલિકા ના સેક્રેટરી પદ પર તેમની નિયુક્તિ થઈ એટલે તેમને સન્માનિત કરવા ગિર સોમનાથ જિલ્લા કોંગ્રેસ માયનોરિટી ડીપાર્ટમેન્ટ ના પ્રમુખ ફારૂક મલિક પેરેડાઈઝ વેરાવળના સામાજીક કાર્યકર્તા અફઝલ પંજા, હાજીભાઈ પત્રકાર, અમીનભાઈ ખમ્મા, અમઝદભાઈ પંજા, હનીફભાઈ મલેક, જાવીદભાઈ મુગલ દ્વારા શાલ ઓઢાડી હારતોળા કરી ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ હતું અને તેમની સાથે ચર્ચા વિચારણા પણ કરેલ હતી કે આ ગામને સ્વચ્છ અને નિરોગી રાખવા અમારી ટીમ હમેશા આપની સાથે હાજર રહેશે તથા લોકોની સેવામાં હમેશા તત્પર રહેશે તેમજ લોકસેવાના કાર્યોમાં હમેશા અગ્રેસર રહેશે. તેવી સમગ્ર ટીમ દ્વારા લાગણી પ્રદર્શિત કરી હતી. ફારૂકભાઈ પેરેડાઈઝ એ વેરાવળ ગીર સોમનાથ જિલ્લાના સામાજિક અગ્રણી છે તેમજ અનેક નામી સંસ્થાની સાથે કાર્ય કરે છે. તેમજ વેરાવળ ખાતે શાળા-વિધાલય અને હોસ્પિટલ ની સેવા સંસ્થા ઓ ધરાવે છે. તેઓ વેરાવળ ની જનતા માટે એક વિચાર એક ભારત ગીર સોમનાથ યુનિટમાં પણ કાર્યરત છે, તેમજ કાયદો અને માનવ અધિકાર, શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે હમેશા કાર્યરત રહે છે. તેમની સમગ્ર ટીમ સાથે તેઓ વેરાવળના સકારાત્મક કાર્ય માટે હમેશા આગળ રહે છે તેમજ નકારાત્મક કાર્યો માટે તેમની સાથે રાષ્ટ્ર હિતમાં વિરોધ કરે છે, વેરાવળ ની જનતાના હિતમાં ફારૂકભાઈ અને સમગ્ર ટીમની અગ્રગણ્ય ભૂમિકા રહે છે. તેમા તેમની સર્વ સમાજના લોકો સાથે સેવા કરવાની ભાવના નજરે પડે છે.

મેલબોર્નમાં રોહિત, ગિલ, સૈની અને પંત લંચ માટે નીકળ્યા

# મેલબોર્નમાં દેખાણી ફેનભક્તિ : ચૂકવી દીધું ક્રિકેટરોનું બિલ...!!

(જી.એન.એસ.)મેલબર્ન,તા.૨

ભારતીય ક્રિકેટ ટીમ હાલમાં ઓસ્ટ્રેલિયામાં છે, જ્યાં બંને દેશો વચ્ચે ટેસ્ટ સીરિઝ રમાઈ રહી છે. ટીમ ઈન્ડિયા જ્યારે પણ ઓસ્ટ્રેલિયા જાય છે, ત્યાં તેને જબરજસ્ત સપોર્ટ મળે છે. સિડનીથી લઈને મેલબોર્ન સુધી, ઓસ્ટ્રેલિયામાં રહેનારા ભારતીય મૂળના લોકો સ્ટેડિયમમાં ટીમ ઈન્ડિયાને સપોર્ટ આપવા પહોંચી જાય છે. એવામાં જો કોઈ ફેનને ટીમ ઈન્ડિયાના આ ક્રિકેટર પોતાની સામે કોઈ હોટલમાં દેખાઈ જાય તો? સ્પષ્ટ છે કે તે તેમની સાથે ફોટો ક્લિક કરાવવા ઈચ્છશે. પરંતુ એક ભારતીય ફેને કંઈક એવું કર્યું, જેનાથી ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ તો ચોંક્યા સાથે જ તેણે લોકોનું દિલ




પણ જીતી લીધું.

નવલદીપ સિંહ નામના એક ટ્વિટર યુઝરે શુક્રવારે ૧લી જાન્યુઆરીએ પોતાના એકાઉન્ટથી એક વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં તે એક હોટલમાં બેઠો હતો અને તેની સામેના ટેબલ પર ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ રોહિત શર્મા, શુભમન ગિલ, રિષભ પંત, નવદીપ સૈની અને પૃથ્વી શો હતો. પોતાની સામે ભારતીય ખેલાડીઓને બેઠેલા જોઈને નવલદીપ સિંહ ખૂબ જ ખુશ હતો, તેણે તેમનો વીડિયો બનાવીને અપલોડ કર્યો. થોડી જ વારમાં તેણે વધુ એક ટ્વીટ કર્યું, જેને ટ્વિટર યુઝર્સને હેરાન કરી દીધા અને તેની પ્રશંસા થવા લાગી. હકીકતમાં નવલદીપ સિંહે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ પ્રત્યે પોતાનો પ્રેમ અને સન્માન વ્યક્ત કરવા માટે તેમના ફૂડનું ૧૧૮.૬૯ ઓસ્ટ્રેલિયન ડોલર એટલે લગભગ ૬૬૮૩ રૂપિયાનું બિલ ચૂકવી દીધું. તેણે બિલનો ફોટો પણ ટ્વીટ કર્યો. આ સાથે જ કેપ્શનમાં લખ્યું હતું, તેમને નથી ખબર, પરંતુ મેં તેમના ટેબલનું બિલ ચૂકવી દીધુ છે. પોતાના સુપરસ્ટાર માટે ઓછામાં ઓછું આટલું તો હું કરી જ શકું છું.

## બાયો-સિક્યુરીટી પ્રોટોકોલનો ભંગ કરતાં બીસીસીઆઇ લાલઘૂમ

ભારતીય ક્રિકેટ બોર્ડએ ભારતીય ખેલાડીઓ દ્વારા બાયો-સિક્યુરિટી પ્રોટોકોલ તોડવાની તપાસ શરૂ કરી છે. નવા વર્ષ નિમિત્તે ટીમ ઇન્ડિયાના સ્ટાર ખેલાડી રોહિત શર્મા, ઋષભ પંત, શુભમન ગિલ, પૃથ્વી શો અને નવદીપ સૈનીએ મેલબોર્ન રેસ્ટોરન્ટમાં લંચ લેતા જોવા મળ્યા હતા. તે સંભવ છે કે બાયો-સિક્યુરિટી પ્રોટોકોલનું ઉલ્લંઘન છે. લંચ લેતા ભારતીય ખેલાડીઓની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઇ છે.

# આઈપીએલમાં નહીં રમવાનો કોઇ પસ્તાવો નથી : સુરેશ રૈના

(જી.એન.એસ.)મેલબર્ન,તા.૨

યુએઈમાં રમાયેલ આઈપીએલની ૧૩મી સીઝનમાં સુરેશ રૈના દેખાયા નહોતા અને તેઓ કોઈપણ મેચ રમ્યા વગર જ સીઝન શરૂ થતાં પહેલાં સ્વદેશ પાછા આવી ગયા હતા. ગયા વર્ષે ૧૫મી ઑગસ્ટના રોજ ધોનીની સાથે જ ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહેનાર રૈના એ કહ્યું કે તેમને આઈપીએલમાં નહીં રમવાનો કોઇ પસ્તાવો નથી. યુએઈમાં આ વર્ષે રમાતી આઈપીએલની ૧૩મી સીઝનમાં સુરેશ રૈના દેખાયા નહીં. તેઓ કોઈપણ મેચ રમ્યાન વગર શરૂઆત થાય તે પહેલાં જ સ્વદેશ પાછા ફરી ગયા હતા. રૈનાએ હવે કહ્યું કે તેમને આઈપીએલમાં નહીં રમવા પર તેમને કોઈ પસ્તાવો નથી



અને તેમનો આ સમજણપૂર્વકનો નિર્ણય હતો. સુરેશ રૈના અંગે એવા સમાચાર આવ્યા હતા કે તેઓ ટીમ હોટલના પોતાના રૂમથી નાખુશ હતા. માહિતી મળી હતી કે તેમને ટીમ હોટલમાં બાલકનીવાળો રૂમ જોઈતો હતો પરંતુ તે શકય નહોતું ત્યારબાદ તેમણે અચાનકથી જ સ્વદેશ પાછા ફરવાનો નિર્ણય કરી લીધો. જો કે તેમણે બાદમાં કારણ એવું આપ્યું હતું કે પરિવારમાં એક દુઃખદ પ્રસંગ બન્યો હતો તેમાં તેમના સંબંધીની હત્યા કરી દેવાઈ હતી. રૈનાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે કોઈ જ પસ્તાવો શા માટે થાય? મેં મારા બાળક અને પરિવાર સાથે સમય પસાર કર્યો. હું પરિવાર માટે પાછા આવવા માંગતો હતો. પંજાબમાં પરિવારની સાથે દર્દનાક ઘટના બની તેમને મારી જરૂર હતી (પઠાનકોટમાં લૂંટફાટ દરમ્યાન રૈનાના સંબંધીની હત્યા કરી દેવાઈ હતી.)

# હજુ બે વર્લ્ડકપ રમવાના છે, રિટારમેન્ટનો હાલમાં નથી કોઈ જ પ્લાન નથી : ક્રિસ ગેલ

(જી.એન.એસ.)જમૈકા,તા.૨

વેસ્ટઈન્ડીઝના સ્ટાર બેટ્સમેન ક્રિસ ગેલે કહ્યું કે, હાલમાં તે ક્રિકેટમાંથી નિવૃતિ લેવાના મૂડમાં નથી. તેણે સ્પષ્ટ કરી દીધું છે કે, તે વધુ પાંચ વર્ષ ક્રિકેટ રમશે. ગેલની નજર ન માત્ર ૨૦૨૧ના ભારતમાં યોજનારા ટી૨૦ વર્લ્ડકપ પર છે, પણ ઓસ્ટ્રેલિયામાં રમાનાર ૨૦૨૦ના વર્લ્ડકપ પર પણ છે.

૪૧ વર્ષીય ક્રિસ ગેલે સમાચાર એજન્સી એએનઆઈ સાથે વાતચીતમાં કહ્યું કે, તે પોતાને આગામી પાંચ વર્ષ સુધી ક્રીઝ પર રમતો જોઈ રહ્યો છે. ગેલે કહ્યું કે, “હાલમાં રિટાયરમેન્ટનો કોઈ પ્લાન નથી. મારું માનવું છે કે મારી પાસે હાલ વધુ પાંચ વર્ષ છે. તેથી ૪૫ વર્ષ થાય તે પહેલા રિટાયરમેન્ટનો કોઈ ચાન્સ નથી અને હા, હજુ બે વર્લ્ડકપ રમવાના છે.”



યૂએઈમા રમાયેલી આઈપીએલની ૧૩મી સીઝનમાં ક્રિસ ગેલે ધમાકેદાર પ્રદર્શન કર્યું હતું. તેણે ૪૧.૧૪ની એવરેજથી ૧૩૭.૧૪ની સ્ટ્રાઈક રેટથી માત્ર સાત ઈનિંગમાં ૨૮૮ રન બનાવ્યા હતા. જેમાં તેણે ત્રણ અડધી સદી નોંધાવી હતી. ગેલ આ આઈપીએલમાં કેટલીક મેચો બાદ ટીમમાં સામેલ થયો હતો.

# સિડનીમાં કોરોના સંક્રમણ વધ્યુ: ભારતીય ટીમે મેલબર્નમાં પ્રેક્ટિસ કરી

(જી.એન.એસ.)મેલબર્ન,તા.૨

સિડનીમાં કોરોનાને લીધે પરિસ્થિતિ દિવસેને દિવસે બગડી રહી છે. ૩૧ ડિસેમ્બરે અહીં કોવિડ-૧૯ના ૧૦ નવા દર્દી મળ્યા હતા. છેલ્લા ૨ અઠવાડિયામાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૧૭૦ થઈ ગઈ છે. તેના લીધે જ ભારતને આ અઠવાડિયે મેલબોર્નમાં રહેવાનું કહેવામાં આવ્યું હતું.

ભારતીય ટીમે ત્રણ દિવસના આરામ પછી શનિવારે પ્રેક્ટિસ કરી. ટીમ શનિવાર અને રવિવારે અહીં અભ્યાસ કર્યા બાદ સિડની માટે રવાના થશે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૭ જાન્યુઆરીના રોજ ત્રીજી ટેસ્ટ રમાશે.

# બુમરાહે તે કળા હસ્તગત કરી છે જેનો ઉપયોગ એક સમયે પાકિસ્તાની બોલર્સ કરતા હતા : અખ્તર

(જી.એન.એસ.)ઈસ્લમાબાદ,તા.૨

પાકિસ્તાનના ઝડપી બોલર શોએબ અખ્તરે ભારતીય ઝડપી બોલર જસપ્રિત બુમરાહની પ્રશંસા કરી છે. અખ્તરે બુમરાહને ચતુર ઝડપી બોલર ગણાવતા કહ્યું છે કે તેણે વિરોધી બેટ્સમેનોને મુશ્કેલીમાં મૂકવા માટે તે કળા શીખી લીધી છે જે કળા પાકિસ્તાની બોલર્સ પાસે હતી. વિશ્વના સૌથી ઝડપી બોલર્સમાં સામેલ અખ્તર બુમરાહથી ઘણો જ પ્રભાવિત થયો છે.

અખ્તરે જણાવ્યું છે કે, તે કદાચ ભારતનો પ્રથમ બોલર છે જે પિચ પર ઘાસ જોતા પહેલા તે જાણી લે છે કે હવા કઈ બાજુ છે અને કઈ ગતિથી ચાલે છે. આ કળા પહેલા પાકિસ્તાની બોલર્સ પાસે હતી. અમે જાણતા હતા કે હવાનો ઉપયોગ કેવી રીતે કરી શકાય




છે. અખ્તરે વસિમ અકરમ અને વકાર યુનુસનું ઉદાહરણ આપતા સમજાવ્યું કે કેવી રીતે તેઓ બોલિંગ કરતી વખત હવાનો ઉપયોગ કરતા હતા. અખ્તરે કહ્યું હતું કે, હું, વસીમ ભાઈ અને વકાર ભાઈ હવાની ગતિ અને દિશા જોઈને નક્કી કરતા હતા કે કયા છેડેથી બોલિંગ કરવાથી અમને રિવર્સ સ્વિંગ મળશે. અમે ઝડપી બોલિંગના મિકેનિક અને એરો ડાયનેમિક્સને જાણતા હતા. અમને ખબર હતી કે દિવસના કયા સમયે કેટલી સ્વિંગ મળશે. હું જાણું છું કે બુમરાહ આ પ્રકારની બાબતોને જાણે છે. મોહમ્મદ આસિફ અને મોહમ્મદ આમિર બાદ ચતુરાઈના મામલે બુમરાહ સૌથી શ્રેષ્ઠ બોલર છે. બુમરાહ ફક્ત પાંચ સેકન્ડની અંદર બેટ્સમેનોને ડરાવી દે છે. વિકેટ લેવાની ક્ષમતાના કારણે બુમરાહ ફક્ત પાંચ સેકન્ડમાં બેટ્સમેનોને ડરાવી દે છે.

# બીસીસીઆઈ અધ્યક્ષ ગાંગુલીને હાર્ટ એટેક આવતા હોસ્પિટલમાં દાખલ

(જી.એન.એસ.)કોલકાત્તા,તા.૨

બીસીસીઆઈના અધ્યક્ષ અને ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીને હાર્ટ એટેક આવ્યો છે અને હાલમાં તેમને હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે ભારતના પૂર્વ કેપ્ટન ગાંગુલીને હાલમા કોલકત્તાના વુડલેન્ડ્સ હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા છે. ગાંગુલીએ હૃદયમાં દુખાવાની ફરિયાદ કરી હતી અને ત્યારબાદ તેમને હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા હતા. એક માહિતી એવી પણ મળી રહી છે કે સૌરવ જિમમાં વર્કઆઉટ કરી રહ્યા હતા, આ જિમ સૌરવના ઘરમાં જ છે. ત્યાં તેમને હાથ અને પીઠમાં દર્દ થયું હતું અને આંખોમાં અંધારુ છવાઈ ગયું હતું. બાદમાં તકલીફ વધી ગઈ હતી. આ સાથે જ શનિવારે તેઓએ હૃદયમાં દુખાવાની પણ ફરિયાદ કરી હતી અને ત્યારબાદ હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના સુત્રોનું કહેવું છે કે સૌરવ ગાંગુલીને એન્જીયોપ્લાસ્ટીની જરૂર છે. પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જી, પ્રખ્યાત કમેન્ટેટર હર્ષા ભોગલે સહિત ઘણા લોકોએ ગાંગુલી જલ્દી સાજા થાય એવી પ્રાર્થના કરી છે. થોડા સમય પહેલાં જ સૌરવ ગાંગુલી ભાજપમાં જોડાવવાની અટકળો ચાલી રહી હતી. કારણ કે તેમણે પશ્ચિમ બંગાલના રાજ્યપાલ જગદીપ ધનખડ સાથે મુલાકાત કરી હતી. એવામાં ફરી એક વખત ભાજપમાં જોડાવવાની ચર્ચા થઈ રહી હતી. જો કે બાદમાં સૌરવ ગાંગુલીએ પોતાની પ્રતિક્રિયા આપી હતી કે- જો રાજ્યપાલ તમને મળવા માગે છે તો તમારે તેમને મળવું જોઈએ. તો પછી આપણે પણ એ નજરથી જ તેને જોવું જોઈએ.

# એક ફોટોગ્રાફરે સલમાનને કહ્યું હતું તે મને જબરદસ્તી કિસ કરી લે: ભાગ્યશ્રી



(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૧

સલમાન ખાન અને ભાગ્યશ્રી ની ફિલ્મ ‘મેંને પ્યાર કિયા’ને રિલીઝ થયાને આજે ૩૧ વર્ષ પુરા થયા. સલમાન ખાન સાથે ડેબ્યુ કરનારી ભાગ્યશ્રીએ પોતાની ભોળાશ અને શાનદાર અભિયનના જોરે લોકોના દિલ જીતી લીધા હતાં. આ ફિલ્મના ગીત જ એટલા સુપરહિટ થયા હતાં કે, લોકો તેને ખુબ સાંભળતા અને ગાતા હતાં. ફિલ્મમાં બંનેની કેમેસ્ટ્રી એ હદે હિટ થઈ હતી કે, બંનેને એકસાથે ફોટોશૂટ કરાવવાની ઓફર મળવા લાગી હતી. ભાગ્યશ્રીએ એક વાતચીત દરમિયાન એક ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો જેને લઈને લોકો દંગ રહી ગયા હતાં.

બોલિવૂડ અભિનેત્રી ભાગ્યશ્રીએ કહ્યું હતું કે, તે સમયે એક જાણીતા ફોટોગ્રાફર હતા જે હાલ જીવીત નથી. તેઓ સલમાન ખાન અને મારા હેટલાક હોટ ફોટો પાડવા માંગતા હતાં. તેમણે એક ફોટોશૂટ વખતે સલમાન ખાનને એક ખુણામાં લઈ જઈને કહ્યું હતું કે, જ્યારે હું કેમેરા સેટઅપ કરૂ ત્યારે તું એને (ભાગ્યશ્રી)ને પકડીને કિસ કરી લેજે. ભાગ્યશ્રીએ કહ્યું હતું કે, ફોટોગ્રાફરે જે કહ્યું તે વાત મેં સાંભળી લીધી હતી. સલમાન અને ફોટોગ્રાફરને ખબર નહોતી કે હું તેમની નજીક જ ઉભી હતી અને આ વાત સાંભળી રહી હતી. ફોટોગ્રાફરની આ પ્રકારની વાતે મને થોડી ચોંકાવી દીધી હતી.

પરંતુ સલમાને જે પ્રકારનો જવાબ આપ્યો તેને મને ઘણી હિંમત બંધાઈ હતી. ભાગ્યશ્રીએ જણાવ્યું હતું કે, સલમાન ખાને કહ્યું હતું કે, હું આવુ કંઈ જ નહીં કરૂ. જો તમારે આ પ્રકારનો કોઈ પોઝ જોઈતો હોય તો તમારે ભાગ્યશ્રી સાથે વાત કરવી પડશે. સલમાન ખાનની આ વાત સાંભળી જાણે કે મારા જીવમાં જીવ આવ્યો હતો. ભાગ્યશ્રીએ ઉમેર્યું હતું કે, તે સમયે અમે એકદમ નવા હતા જેથી ફોટોગ્રાફરને લાગ્યું હશે કે તે જે કહેશે એ વાત માનીને અમે એમ કરી લઈશું. ભાગ્યશ્રીએ કહ્યું હતું કે, એ જમાનામાં કિસિંગ સીન ફિલ્મી પડદે દેખાડવામાં નહોતા આવતા.

# નિકાહમાં પહેરવાનું ભૂલી ગઈ હોવાનું કહી ફૂલોથી સજેલાં ‘સેહરો’ પહેરેલી સના ખાન

(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૧

પૂર્વ અભિનેત્રી અને બિગ બોસની ભૂતપૂર્વ હરીફ સના ખાન એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રી છોડ્યા પછી પણ ચર્ચામાં રહે છે. પહેલાં ઓક્ટોબરમાં, તેણે અલ્લાહના માર્ગે ચાલવા માટે ઈન્ડસ્ટ્રી છોડીને બધાને આશ્ચર્યચકિત કર્યા, અને તેના થોડા જ દિવસો પછી, સુરતના મુફ્તી અનસ સૈયદની સાથે લગ્ન કરી લીધા અને ચર્ચામાં આવી ગઈ. હવે સના દર થોડા દિવસોએ સોશિયલ મીડિયા પર તેની ખુશહાલ લગ્ન જીવનની ઝલક બતાવતી રહે છે. હાલમાં જ સનાએ તેની કેટલીક નવી તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે.

તેણે ફૂલોથી સજ્જ સેહરામાં પોતાની સુંદર તસવીરો શેર કરી છે. ગુલાબ અને મોગરાના ફૂલોથી બનેલો આ સેહરો લગ્નના દિવસે સનાએ પહેરવાનો હતો, પરંતુ તે તેનો ઓર્ડર આપવાનું ભૂલી ગઈ. સનાએ આ વાતનો ખુલાસો પોતાની તસવીર સાથે લખેલા કેપ્શનમાં કર્યો હતો. પછી લગ્નના દિવસ પછી, સેહરાને તેની નસરીન દીદીએ લાવીને આપ્યો હતો. પરંતુ તે ફક્ત બે દિવસ પછી જ તેને પહેરી શકી હતી અને આ સેહેરો પહેરીને તેને ખૂબ આનંદ થયો.

સના લગ્ન પછીથી સતત સોશિયલ મીડિયા પર સક્રિય છે. તેણે લગ્નના દરેક સમારોહની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. આ સિવાય જ્યારે તે હનીમૂન માટે કાશ્મીર ગઈ ત્યારે તેણે ત્યાંથી ફોટા અને વીડિયો પણ શેર કર્યા હતા. સનાએ અનસ સાથે લગ્ન કરવાના નિર્ણય અંગે એક મુલાકાતમાં કહ્યું હતું કે, તેણે આ નિર્ણય રાતોરાત લીધો નથી પરંતુ આવા લગ્ન માટે ઘણી પ્રાર્થનાઓ કરી હતી.



# ૧૫ જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે કાજોલની ફિલ્મ ત્રિભંગ



ચક્રવાત ટીમ મુંબઈ,તા.૩

કાજોલ, તન્વી આઝમી અને મિથિલા પારકર અભિનીત ફિલ્મ ત્રિભંગ ૧૫ જાન્યુઆરીએ નેટફ્લિક્સ પર રિલીઝ થઈ રહી છે. ત્રિભંગથી અનેક હિન્દી-મરાઠી ફિલ્મ અને ટીવીની અભિનેત્રી રેણુકા શહાણે દિગ્દર્શક તરીકે ડેબ્યુ કરી રહી છે. ત્રિભંગ એક એવા પિરવારની વાત છે જેમાં માત્ર ત્રણ મહિલાઓ છે અને ત્રણેય અલગ જનરેશનની છે. ફિલ્મના નિર્માતા છે અજય દેવગણ અને હિચકી ફેમ સિદ્ધાર્થ પી. મલ્હોત્રા. કાજોલ ૨૦૨૦માંઓમ રાઉતની તાનાજીમાં પાર્વતીબાઈની ભૂમિકા ભજવી હતી. ફિલ્મમાં તાનાજીની પત્નીની નાની ભૂમિકા હોવા છતાં કાજોલે દર્શકોનાં દિલ જીતી લીધા હતા.

ઉપરાંત કાજોલની શોર્ટ ફિલ્મ દેવી પણ દર્શકોને ઘણી પસંદ પડી હતી. કાજોલે ૨૦૧૮માં હેલિકૉપ્ટર ઈલાથી કમબેક કર્યુ હતું. ૨૦૧૭માં આવેલી કારવાં ફિલ્મથી મિથિલા પારકરે બૉલિવુડમાં પદાર્પણ કર્યું હતું. એના સહકલાકારો હતા ઈરફાન ખાન અને દુલકર સલમાન. જોકે નેટફ્લિક્સની લોકપ્રિય સિરીઝ લિટલ થિંગ્સે એને ભરપુર ખ્યાતિ અપાવી. એને આ રૉમકૉમ સિરીઝ માટે નોમિનેશન્સ અને અવૉર્ડ પણ મળ્યા છે.

# ગીર સોમનાથ જિલ્લાના ૧૦૯ ગામો માટે ‘કિસાન સૂર્યોદય યોજના’નો કરાયો આરંભ

(જી.એન.એસ.)ગીર સોમનાથ,તા.૩

ગીર સોમનાથઃ ઉના ખાતે સીએમ રૂપાણીએ ગીર સોમનાથ જિલ્લાના ૧૦૯ ગામ માટે કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે કહ્યું કે, ૨૪ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગીર સોમનાથ જિલ્લાના ૧૪૩ ગામ માટે કિસાન સૂર્યોદય યોજના કાર્યરત કરવામાં આવી હતી. રૂપાણીએ બીજા તબક્કામાં રાજ્યના ૧૨ જિલ્લા અને ૬૪ તાલુકાના ૧૧૪૬ ગામનો સમાવેશ કરાયો છે. અગાઉ પ્રથમ તબક્કામાં ૪ જિલ્લાના ૧૦૫૫ ગામને કિસાન સૂર્યોદય યોજનાનો લાભ મળી ચૂક્યો છે. આવનારા દિવસોમાં કિસાન



સૂર્યોદય યોજના થકી ખેડૂત વધુ સમૃદ્ધ બનશે. રૂપાણીએ વધુમાં જણાવ્યુ હતું કે, ગુજરાત ભારતનું રોલ મોડેલ છે. છેલ્લા બે દાયકાથી વિવિધ પ્રોજેક્ટ દ્વારા ગુજરાત વિકાસનો પર્યાય પુરવાર થયું છે. નવા વર્ષના આરંભે ખેડૂતો માટે કિસાન સૂર્યોદય યોજનાની શુભ શરૂઆત થઈ છે. પાણી-વીજળી ખેડૂતની તાકાત છે. રાજ્ય સરકારે પાણી વીજળી માટે સંનિષ્ઠ પ્રયત્નો કર્યા છે. આવનારા દિવસોમાં કિસાન સૂર્યોદય યોજના થકી ખેડૂત બમણી આવક મેળવશ અને વધુ સમૃદ્ધ બનશે. ખેડૂતો પોતાની જમીનમાં સોલાર વીજ પ્રોજેક્ટ શરૂ કરી અન્નદાતા હવે ઉર્જાદાતા પણ બની શકે છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, છેલ્લા ૩ વર્ષમાં પીજીવીસીએલ દ્વારા દર વર્ષે દોઢ-દોઢ લાખ કનેક્શન આપવામાં આવી રહ્યા છે. અગાઉની સરકારમાં લંગડી વીજળી મળતી હતી ટ્રાન્સફોર્મર બળી જતા હતા. આજે લંગડી વીજળીના દિવસો ભૂતકાળ બની ગયા છે. અગાઉની સરકારે ખેડૂતો માટે ક્યારેય રાહત પેકેજ જાહેર નથી કર્યા. જ્યારે ગયા વર્ષે અમારી સરકારે અતિવૃષ્ટિમાં ૩૭૦૦ કરોડનું પેકેજ આપ્યું હતું. સૌરાષ્ટ્રના તમામ જિલ્લા તાલુકા અને ગામડાના ખેડૂતોને પેકેજના પૈસા સીધા ખાતામાં જમા થયા હતા. આ તકે રૂપાણીએ તાજેતરમાં ભૂમાફિયા, જમીન પચાવી પાડનારને સીધા કરવા લેન્ડ ગ્રેબીંગ એક્ટ અમલમાં લાવ્યા છે.

# લ્યો બોલો...!! ઉત્તરાયણમાં એક અગાસી પર માત્ર ૫૦ લોકો જ એકઠા થઈ શકશે : નીતીન પટેલની હાસ્યાસ્પદ જાહેરાત

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૩

અમદાવાદમાં રામદેવનગર સ્થિત સેવાભાવી સંસ્થા- સદવિચારમાં મોક્ષવાહિની રથનું લોકાર્પણ કરવા આવેલા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કોરોના વેક્સિનેશન અને ઉત્તરાયણની ઉજવણી અંગે મહત્વપૂર્ણ વાતચીત કરી હતી.ઉત્તરાયણની ઉજવણી અંગે નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, કોરોનાને લઈને રાજ્ય સરકારે રાજ્યની ઓળખ સમાન પતંગ મહોત્સવ ન ઉજવવાનું નક્કી કર્યું છે, પણ તેમ છતાં નાગરિકો ઉત્તરાયણ ઉજવી શકે તે માટે જરુરી છૂટછાટ અંગે કોર ગ્રુપની બેઠકમાં ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવાશે. તેમજ પતંગ ચગાવવાને લઈને પણ માર્ગદર્શિકા



બહાર પાડવામાં આવશે. લોકો પોતાના ઘર કે ધાબા પરથી કેવી રીતે પતંગ ઉડાવી શકે અને કેટલા લોકો ભેગા થઈ શકે તેની જાહેરાત કરશે. ધાબાઓ પર કે પોળોમાં ૫૦ લોકો ભેગા થઈ પતંગ ઉડાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. પરિવારના ૫-૭ લોકો જ પોતાના મકાનની અગાસીએ પતંગ ઉડાવે તો વાંધો નહીં આવે.

કોરોના સામેની વેક્સિન અંગે રાજ્ય સરકારના આરોગ્યતંત્રના આયોજનની રૂપરેખા આપતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું, કે ગુજરાતમાં ત્રણ તબક્કામાં રસીકરણની પ્રક્રિયા હાથ ધરાશે. પ્રથમ તબક્કામાં ફ્રન્ટલાઈન વોરિયર્સ- મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ, બીજા તબક્કામાં આશા વર્કર અને પોલીસ જવાનો અને ત્રીજા તબક્કામાં સિનિયર સિટિઝન અને કો-મોર્બિડ(ડાયાબિટિસ,બ્લડપ્રેશર વગેરે)ની સ્થિતિ ધરાવતા દર્દીઓને રસી આપવા માટેનું આયોજન હાથ ધરાયું છે. કોરોના વોરિયર્સને વિના મૂલ્યે રસી અપાશે. નાયબ મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતુ કે, નાગરિકોની સલામતી એ ગુજરાત સરકારની પ્રાથમિકતા છે. તેનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે, આજ દિન સુધી કોરોના સામેની લડતમાં રાજ્ય સરકારે રુપિયા ૧ હજાર કરોડથી વધુનો ખર્ચ કર્યો છે. ભારત સરકારે વેક્સિનેશન માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે અને તમામ ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી રાજ્ય સરકાર રસીકરણનો આરંભ કરશે.

## બરોડાની એમએસ યુનિમાં વિદ્યાર્થીઓનું ઉગ્ર વિરોધ પ્રદર્શન, કાળી શાહી લગાડી



(જી.એન.એસ.)વડોદરા,તા.૩

વડોદરાની મસ.યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. એમ.એસ.યુનિ.નિયુક્ત સભ્યને બીસીએમાં સ્થાન ન મળતા વિરોધ કરાયો. યુનિ.જી.એસ.સહિતના વિદ્યાર્થીઓ દ્વારા વિરોધ કરાયો હતો. સરકારે બીસીએમાં યુનિ.ના સભ્યને નોમિનેટ કર્યા છતાં બીસીએનો નનૈયો કરતા વિરોધ. ક્રિકેટ મેદાન પર બીસીએના લખાણ પર કાળી શાહી લગાડી વિરોધ કરવામાં આવ્યો હતો.

## સીએટીની પરીક્ષામાં સુરતના ઋષિ પટેલને ૯૯.૯૯% સાથે ભારતમાં ટોપ ૨૫માં સ્થાન

(જી.એન.એસ.)સુરત,તા.૩

સુરતના ૨૧ વર્ષીય યુવક ઋષિ પટેલે દેશની સર્વોચ્ચ મેનેજમેન્ટ સંસ્થામાં એડમીશન લેવા માટે પ્રાથમિક પરીક્ષા કેટ આપી હતી. જેમાં તેને ૯૯.૯૯ પર્સેન્ટાટાઈલ રેક્ર મેળવીને ભારતભરમાં ટોપ ૨૫માં સ્થાન પ્રાપ્ત કર્યું છે. ઋષિએ અભ્યાસ સાથે પરીક્ષા આપી એક મોટી સફળતા હાંસલ કરી છે. હવે ઋષિને અમદાવાદ આઈઆઈએમમાં પ્રવેશ માટે સરળતા રહેશે. સુરત શહેરના પિપલોદ વિસ્તારમાં આવેલી સંસ્કાર પાર્ક સોસાયટીમાં ૨૧ વર્ષીય ઋષિ દિલીપભાઈ પટેલ પરિવાર સાથે રહે છે. હાલ ઋષિ આઈઆઈટી દિલ્હી બી ટેકના ફાઈનલ યરમાં અભ્યાસ કરે છે.

# નીતિન પટેલને ઝટકો : પંજાબના ખેડૂતોએ લીગલ નોટિસ મોકલી માફીની માંગ કરી

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૩

કેન્દ્ર સરકારના ત્રણ નવા કૃષિ કાયદાને લઈ ખેડૂતો ૩૮ દિવસથી દિલ્હીની બોર્ડર પર પ્રદર્શન કરી રહ્યા છે. પ્રદર્શન કરતા ખેડૂતો વિશે મોદી સરકારના મંત્રીઓ દ્વારા અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી જેને લઈને હવે ખેડૂતોએ ત્રણ નેતાઓને લીગલ નોટિસ મોકલવામાં આવી છે. નોટિસમાં નેતાઓને માફી માંગવાનો દાવો કરવામાં આવ્યો છે અને જો માફી માંગવામાં નહી આવે તો માનહાનિનો કેસ દાખલ કરવામાં આવશે. ખેડૂતોએ ભાજપના નેતાઓને તેમની અપમાનજનક ટિપ્પણીઓ માટે લીગલ નોટિસ મોકલવામાં આવી છે. જેમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ અને ભાજપના પૂર્વ રાષ્ટ્રીય મહાસચિવ રામ



માધવનું નામ સામેલ છે. આમ આદમી પાર્ટી ખેડૂતોને કાયદાકીય સહાયતા અને સલાહ ઉપલબ્ધ કરાવી રહી છે. આ જાણકારી આપના રાષ્ટ્રીય પ્રવક્તા અને પંજાબના સહ-પ્રભારી રાઘવ ચઢાએ પત્રકાર પરિષદ કરીને આપી હતી.

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે ૧૭ ડિસેમ્બરે કહ્યુ હતું કે, “ખેડૂતોના નામ પર આ આંદોલનમાં દેશ-વિરોધી, આતંકવાદી, ખાલિસ્તાની, કોમ્યુનિસ્ટ અને ચીન સમર્થક લોકો સામેલ થઈ ગયા છે. અમે જોઈ શકીએ છીએ કે ત્યા પિત્ઝા અને પકોડા ખાવામાં આવી રહ્યા છે અને આ બધુ ત્યા મફત મળી રહ્યુ છે. દેશ વિરોધી તાકાતો તેમણે પ્રદર્શન કરવા માટે લાખો રૂપિયા આપી રહી છે. નિતિન પટેલના આ નિવેદનથી નારાજ થયેલા જાલંધરના ખેડૂત રમણીક સિંહ રંધાવાએ તેમણે લીગલ નોટિસ મોકલી શરત વગર ખેડૂતોની માફી માંગવા અને ખેડૂતો વિરૂદ્ધ બોલેલા અપમાનજનક શબ્દો પરત લેવાની માંગ કરી છે. ગિરિરાજ સિંહે કહ્યુ હતું, “ખેડૂત આંદોલનને ભટકાવવાનું કામ કરવામાં આવી રહ્યુ છે. આંદોલનમાં ખેડૂતોના હિતની વાત નથી થઈ રહી. ખેડૂત આંદોલનમાં વિદેશી તાકાતો ઘુસી રહી છે. ખાલિસ્તાન અને શરજીલ ઈમામના પોસ્ટર લગાવવામાં આવી રહ્યા છે.








સત્ય માટે સત્ય સાથે સતત..
ચક્રવાત
ન્યુઝ પેપર & ચેનલ

સત્ય માટે સત્ય સાથે સતત
સામાન્ય જનતાનું પોતીકું અખબાર
નેતાઓના મનની નહિ, મારી તમારી આપણી વાત એટલે આપણું “ચક્રવાત”

વાર્ષિક લવાજમ
Rs ૧૨૦૦/-
તા. ૧ જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બર




આપનો અમૂલ્ય સહયોગ ચોથી જાગીરના પડકારને જીવંત રાખશે
ચક્રવાત ભવન, શાળા નં. ૬૯ સામે, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક, મવડી રોડ, રાજકોટ
Contact Number - 9106617867


Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)